### વાહનચાલકોમાં આશ્ચર્ય ફેલાયુ

# સાવરકુંડલા નજીક નેશનલ હાઈવે ઉપર કાળઝાળ ગરમી વચ્ચે સિંહનો વિહાર

## નેશનલ હાઈવે ક્રોસ કરતા સિંહનું દ્રશ્ય કેમેરામાં કેદ



અમરેલી, તા. ૨

મહુવા–સાવરકુંડલા–અમરેલી નેશનલ હાઈવે પર સાવરકુંડલા નજીક બપોરના કાળજાળ તાપમાં એક સિંહ રોડ ક્રોસ કરતો જોવા મળતાં વાહનચાલકોમાં ચકચાર મચી હતી. ઉનાળાની તીવ્ર ગરમી વચ્ચે સિંહનો આ રીતે ખુલ્લા હાઈવે પર દેખાવો અસામાન્ય માનવામાં આવી રહ્યો છે.

સ્થળ પરથી પસાર થતા કેટલાક લોકોએ આ દ્રશ્યો પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કર્યા હતા જે વીડિયો સોશ્યલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં સિંહ નિર્ભય રીતે રોડ પાર કરતો દેખાય છે, જ્યારે કેટલાક વાહનો થોડા સમય માટે રોકાઈ ગયા હતા.

વનવિભાગના સૂત્રો મુજબ ગરમીના દિવસોમાં પાણી અને શિકારની શોધમાં સિંહો કયારેક જંગલ વિસ્તાર બહાર આવી જતા હોય છે. આથી હાઈવે અને ગામની આસપાસ સાવચેતી રાખવી જરૂરી છે.

વનવિભાગે વાહનચાલકોને અપીલ કરી છે કે આવા સમયે ગતિ ધીમી રાખવી, સિંહને નજીકથી જોવાનો પ્રયાસ ન કરવો અને અનાવશ્યક રીતે ભેગા ન થવું. આ ઘટનાને પગલે વિસ્તાર પર નજર રાખવામાં આવી રહી છે જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને માનવ–વન્યજીવન વચ્ચે સંતુલન જળવાઈ રહે.

### ભર ઉનાળે મહિલાઓ પીવાના પાણી માટે દોડધામ કરે તે યોગ્ય નથી

# સાવરકુંડલાનાં દોલતી ગામે છેલ્લા ૪ વર્ષથી ચૂંટણીનાં મનદુઃખનાં કારણે પીવાનું પાણી પુરતા પ્રમાણમાં મળતુ નથી

## ધારાસભ્ય અને સાંસદ કક્ષાનાં પદાધિકારીઓ મદદ કરે તે જરૂરી



અમરેલી, તા. ૨

સાવરકુંડલા તાલુકાના દોલતી ગામમાં પીવાના પાણીનો પ્રશ્ન છેલ્લા ચાર વર્ષથી ઉકેલ વગરનો રહ્યો છે. જેના કારણે ખાસ કરીને અનુસૂચિત જાતિના રહેણાંક વિસ્તારમાં રહેતી મહિલાઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રોજિંદા જીવનમાં પાણી જેવી મૂળભૂત જરૂરિયાત માટે મહિલાઓને કિલોમીટર સુધીના વલખા મારવા પડે છે જે તેમની માટે શારીરિક અને માનસિક રીતે થાકદાયક બની રહ્યું છે.

સ્થાનિક મહિલાઓનો આક્ષેપ છે કે ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણી દરમિયાન થયેલા મનદુઃખને કારણે તેમને પૂરતું પાણી આપવામાં આવતું નથી. આ ગંભીર આરોપો સ્થાનિક તંત્ર અને નેતાગીરી પર સવાલો ઉભા કરે છે. મહિલાઓ કહે છે કે અનેક વખત રજૂઆતો કરવા છતાં કોઈ અસરકારક પગલું લેવામાં આવ્યું નથી.

ગામમાં પાણીની ટાંકી, પાઈપલાઈન કે અન્ય સુવિધાઓ હોવા છતાં યોગ્ય રીતે પાણી પુરવઠો થતો નથી, જેના કારણે સ્થિતિ વધુ વિકટ બની રહી છે. ઉનાળાની ઋતુમાં તો હાલત વધુ ખરાબ બની જાય છે અને મહિલાઓને દિવસનો મોટો ભાગ પાણી મેળવવામાં જ વીતાવવો પડે છે.

આ મુદ્દે ધારાસભ્ય, સાંસદ અથવા સંબંધિત અધિકારીઓ કયારે ધ્યાન આપશે તે પ્રશ્ન હાલ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ગામલોકો માંગ કરી રહ્યા છે કે તાત્કાલિક પાણી પુરવઠાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે જેથી મહિલાઓને આ કઠિન પરિસ્થિતિમાંથી રાહત મળી શકે. જો વહેલી તકે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો આવનારા સમયમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે અને લોકોમાં અસંતોષ વધવાની શકયતા છે.

### લગ્નપ્રસંગ હોય તસ્કરે હાથફેરો કર્યો

# ધારી નજીક આવેલ ફન રિસોર્ટમાંથી રૂપિયા ૧૧.૫ લાખનાં મુદ્દામાલની ચોરી

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨

ધારી નજીક આવેલી ફન રિસોર્ટ એન્ડ હોટેલમાં ચોરીની ગંભીર ઘટના સામે આવી છે. માહિતી મુજબ અજાણ્યો તસ્કર રિસોર્ટની દીવાલ કૂદીને અંદર પ્રવેશ્યો હતો અને મહેમાનના રૂમ સુધી પહોંચ્યો હતો. ઘટનાના સમયે રિસોર્ટમાં લગ્ન પ્રસંગ ચાલતો હોવાથી મહેમાનોની ભારે અવરજવર હતી જેને તસ્કરે મોકો બનાવી લીધો હતો.

તસ્કરે મહેમાનના રૂમમાંથી અંદાજે ૧૧.૫ લાખ રૂપિયાના સોના–ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના રિસોર્ટમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેમાં તસ્કર દીવાલ કૂદીને અંદર પ્રવેશતો અને બહાર નીકળતો દેખાઈ રહ્યો છે.

આ બનાવને પગલે રિસોર્ટની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા થયા છે. મહેમાનોમાં પણ ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. ઘટનાની જાણ થતાં જ ધારી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે અને સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરની ઓળખ માટે કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે તસ્કરને ઝડપી પાડવા માટે જુદા જુદા દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# અમરેલી જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય કર્મચારીઓની સમીક્ષા બેઠક યોજાઈ



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા ખાતે આરોગ્ય વિભાગના વિવિધ કાર્યક્રમોની સમીક્ષા માટે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક આરડીડી મેડમની અધ્યક્ષતામાં યોજાઈ હતી, જેમાં જિલ્લાના આરોગ્ય ક્ષેત્રની કામગીરીનું વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં સીડીએચઓ (ચીફ ડિસ્ટ્રિકટ હેલ્થ ઓફિસર) તથા સીડીએમઓ (ચીફ ડિસ્ટ્રિકટ મેડિકલ ઓફિસર) સહિત જિલ્લાના તમામ આરોગ્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન સરકારની વિવિધ આરોગ્ય યોજનાઓ, માતા–બાળ આરોગ્ય, રસીકરણ, રોગ નિયંત્રણ અને પ્રાથમિક આરોગ્ય સેવાઓના અમલીકરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આરડીડી મેડમે આરોગ્ય સેવાઓ વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચે તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ આરોગ્ય કેન્દ્રોમાં સુવિધાઓમાં સુધારો, સ્ટાફની કામગીરી અને સમયસર સેવાઓ ઉપલબ્ધ થાય તે બાબતે ખાસ ભાર મૂકાયો હતો.

બેઠકમાં અધિકારીઓને તેમના ક્ષેત્રમાં પડકારો અને સમસ્યાઓ અંગે રજૂઆત કરવાની તક પણ આપવામાં આવી હતી, જેથી યોગ્ય ઉકેલ લાવી શકાય. આ સમીક્ષા બેઠકથી જિલ્લામાં આરોગ્ય સેવાઓ વધુ મજબૂત બનશે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી.

### કેરિયાચાડ ગામનાં વૃધ્ધ દંપત્તિ સવારે સાંગાડેરી ગામથી પરત ફરતાં હતા

# અમરેલીનાં જેશીંગપરાનાં ઓવરબ્રિજ ઉપર છોટા હાથી અને બાઈક વચ્ચે અકસ્માતમાં પત્નીની નજર સામે પતિનું મોત

## બનાવની જાણ થતાં ૧૦૮ અને પોલીસ ટીમ ઘટના સ્થળે દોડી ગઈ



અમરેલી, તા. ૨

અમરેલીનાં જેશીંગપરાનાં ઓવરબ્રિજ ઉપર આજે સવારે છોટા હાથી અને ડબલ સવારી બાઈક વચ્ચે અકસ્માત થતાં પત્નીની નજર સામે જ પતિનું મોત થયાની ઘટના બની છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં કેરિયાચાડ ગામે રહેતા વૃધ્ધ દંપત્તિ ગઈકાલે સાંગાડેરી ગામે તેમનાં સબંધીને ત્યાં ગયેલ આજે સવારે બાઈક ઉપર પરત કેરિયાચાડ તરફ જતાં હોય તે સમયે પુલ ઉપર સામેથી આવી રહેલ છોટાહાથી સાથે બાઈક અથડાતા બાઈક ચલાવનાર નાનુભાઈ ચોવટિયા (ઉ.વ. ૭૩)નું ઘટના સ્થળે જ મોત થયેલ છે. જયારે, તેમના ધર્મપત્ની મંજુલાબેનને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડવામાં આવેલ છે.

બનાવની જાણ થતાં ૧૦૮ અને પોલીસ ટીમે ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી.

### તસ્કરો ધાર્મિક સ્થાનોને પણ છોડતા નથી

# ખાંભાનાં કંટાળા ગામે સીમ વિસ્તારમાં આવેલ મંદિરમાંથી ૧.૪૦ લાખનાં મુદ્દામાલની ચોરી

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨

ખાંભા તાલુકાના કંટાળા ગામે આવેલ મોગલ નામની સીમ વિસ્તારમાં આવેલ રૂડાબાપાના મંદિરમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે ગત તા. ૨૨ ના રોજ સવારે ૯ વાગ્યાથી તા. ૧ના રોજ સવારે ૧૧ વાગ્યાના સમય પહેલા મંદિરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી મંદિરમાં રાખવામાં આવેલ ચાંદીના મોટા છતર નંગ ૨ તથા ૨૨ નાના છતર એમ કુલ મંદિરના નાના–મોટા ૨૪ ચાંદીના છતર જેનું અંદાજીત વજન ૬૫૦ ગ્રામ આશરે કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦ની કિંમતનાં ચાંદીના છતરની ચોરી કરી લઈ ગયાની ખાંભા પોલીસમાં ખાંભા ભગવતીપરા રહેતાં ગોવિંદભાઈ મંગાભાઈ રાતડીયાએ નોંધાવતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા વધુ તપાસ હાથ ધરી છે.

### એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી

# અમરેલીમાં વ્યાજની પઠાણી ઉઘરાણીમાં આપઘાત કર્યાના ચકચારી કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

## ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી આર.વી. બુખારીએ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કયો



અમરેલી, તા. ૨

અમરેલીનાં વ્યાજની પઠાણી ઉઘરાણીનાં આપઘાત કર્યાનાં ચકચારી કેસનાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે.

વિગત એવા પ્રકારની છે કે, આ કામનો બનાવ તા. ૧૧/૨/૨૦૨૦ના રોજ બપોરના આશરે ૩:૩૦ વાગ્યે આ કામના ફરીયાદી મનીષગીરી મહેશગીરી ગોસાઈ અમરેલી નાગનાથ મંદીર પાસે પહોંચતા તેના સગા મામાએ તેમને કહેલ કે, તે મંદીરે બેઠેલ હતા ત્યારે આરતીના સમય દરમિયાન લક્ષ્મણપરીએ દવાના ટીકડા પી લીધેલ હતા જેનાથી તેને ઉલટી થવા લાગેલ તે બાબતે તેને શંકા જતા તેઓ તેમને લઈને દવાખાને લઈ ગયેલ ત્યારે હરેશભારથીએ રસ્તામાં કહેલ કે આંકડીયા ગામે વ્યાજનો ધંધો કરતા પ્રેમજીભાઈ વલ્લભભાઈ બાવીશી તથા જીલુભાઈ દાનાભાઈ ભુતૈયા બંને જણા પાસેથી મેં અગાઉ વ્યાજે પૈસા લીધેલ હતા અને મેં તે પૈસા તેમને પરત આપી દીધેલ હોવા છતા તેઓએ મારી પાસે પઠાણી ઉઘરાણી કરી મને મારી નાખવાની ધમકી આપી હેરાન કરતા હોય જેના ત્રાસના કારણે મેં ઘઉમાં નાખવાના ટીકડા પી લીધેલ છે. જેથી આ કામના ફરીયાદી તેમને સીવીલ હોસ્પીટલે લઈ ગયેલ અને ત્યાંથી વધુ સારવાર માટે રીફર કરતા ડો. ધડુકની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ હતા. તે સમયગાળા દરમિયાન મુનાભાઈ તથા અક્ષય પ્રગટભાઈ આવી ગયેલ હતા અને અક્ષય પ્રગટભાઈએ તેમનો વિડીયો ઉતારેલ હતો. જે વિડીયોની અંદર ગુજ. લક્ષ્મણપરીએ આ કામના આરોપી પ્રેમજીભાઈ વલ્લભભાઈ બાવીશી તથા જીલુભાઈ દાનાભાઈ આહીર બંને પાસેથી અગાઉ વ્યાજે લીધેલ પૈસા તેમને આપી દીધેલ હોવા છતા તેમની પાસે વ્યાજની પઠાણી ઉઘરાણી કરી અને જો પૈસા નહીં આપે તો તારા ભાઈને પતાવી દઈશું તેવી કહી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ તારી ભાણેજને ઉપાડી જશું તેવી ધમકી આપી અને ગુજ. લક્ષ્મણપરીને મરી જવા માટે મજબુર કરતા તે બીકના કારણે તેઓએ ઘઉમાં નાખવાના ટીકડા પી જતા સારવાર દરમિયાન તેમનું મરણ થતા તે બાબતની ફરીયાદ મનીષગીરી મહેશગીરી ગોસાઈએ આપેલી હતી અને તેમણે આપેલી ફરીયાદ દરમિયાન ગુજ. લક્ષ્મણપરી ધીરૂપરી ગોસાઈના કપડામાંથી એક સ્યુસાઈડ નોટ મળી આવતા તે સ્યુસાઈડ નોટ તેમણે ફરીયાદ દરમિયાન પોલીસને રજુ કરેલ હતી. જે સ્યુસાઈડ નોટ પોલીસે કબ્જે લઈને એફ.એસ.એલ.માં તપાસ માટે મોકલેલ હતી.

આ કામે પોલીસે આઈ.પી.સી. ૩૦૬ તથા ૫૦૬(૨) મુજબની ફરીયાદીની ફરીયાદ લીધેલી અને ત્યારબાદ તપાસ કરીને આ કામે બંને આરોપીઓ સામે ઉપરોકત વિગતે ચાર્જશીટ કરેલ હતું.

ત્યારબાદ આ કામે એફ.એસ.એલ.ના રીપોર્ટ તથા ડોકટરોની જુબાની તથા મેડીકલ સર્ટીફીકેટ તથા તપાસ કરનાર તથા રજુ થયેલ વિડીયો તથા સ્યુસાઈડ નોટ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ અનુસંધાને પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવેલ તથા ફરીયાદ પક્ષે ફરીયાદી તથા તેમના કુટુંબીઓની જુબાની લેવામાં આવેલી હતી.

આ કામે વિડીયો કબ્જે લેવામાં આવેલ તેમાં તથા રજુ થયેલ સ્યુસાઈડ નોટમાં આરોપીઓનો ફરીયાદની વિગતે વ્યાજે વધુ નાણાં મેળવવા બાબતે પઠાણી ઉઘરાણી કરવાતથા તે માટે ધમકી આપેલ તે બાબતે તથા તેમની ભાણેજનું અપહરણ કરવા બાબતે તમામ હકીકતો વિડીયોમાં પ્રદર્શીત થતી હતી તથા સ્યુસાઈડ નોટમાં તેનો ઉલ્લેખ હતો તે બાબતે જુદા જુદા સાક્ષીઓની લંબાણપુર્વકની ઉલટતપાસ ચાલુ કેસ દરમિયાન થયેલ હતી.

અને ચાલુ કેસ દરમિયાન સમાધાનના ઘણા પ્રયત્નો કરવા છતા સમાધાન થયેલ ન હોય આ કેસ જે તે સમયે ખુબ ચર્ચાસ્પદ બનેલ હતો. ત્યારબાદ આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે ફરીયાદીનો કેસ સાબીત કરવા માટે ઘણા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા, અને ચાલુ કેસ દરમિયાન પ્રેમજીભાઈ બાવીશીનું અવસાન થયેલ હતું. આ કામે સમગ્ર કેસ ચાલી જતા ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરતા પ્રયત્નો કરવા છતા આ કામના આરોપીઓ સામે પોતાનો કેસ ફરીયાદની વિગતે સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપી જીલુભાઈ દાનાભાઈ ભુતૈયાને અમરેલીના ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ આર.વી. બુખારી મેડમે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીઓ તરફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા.

### બગસરા, સાવરકુંડલા અને ગાધકડાનો બનાવ

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ યુવક અને એક પરિણીતાનું અકાળે મોત

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન બે યુવક તથા એક પરિણીતા સહિત ત્રણ લોકોનાં અલગ અલગ બનાવમાં અકાળે મોત થયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રહેતી જીનલબેન અલ્પેશભાઈ ઠુમ્મર નામની ૨૭ વર્ષીય પરણિતાને છેલ્લા ત્રણેક વર્ષથી માનસીક બિમારી તથા દમની બીમારી હતી. આ બીમારીથી કંટાળી જઈ તેણીએ ગત તા. ૧ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યાની આસપાસ ગાધકડા ગામે પોતાના ઘરે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી જતા તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જયારે બીજા બનાવમાં બગસરા ગામે રહેતાં પુનીતકુમાર કાંતિભાઈ વેગડા નામનાં ૩૮ વર્ષીય યુવકે ગત તા. ૧ના રોજ સવારના અગિયારેક વાગ્યે બગસરાથી હામાપુર જવાના રસ્તે સમઢીયાળા ગામના પાટીયા પાસે કોઈપણ અગમ્ય કારણસર પોતે પોતાની મેળે ઝેરી દવા સેલફોસના ટીકડા પી જતા સારવાર દરમ્યાન યુવકનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્રીજા બનાવમાં સાવરકુંડલા શિવાજીનગર શેરી નં. ૧૦માં રહેતાં પ્રહલાદભાઈ જેન્તીભાઈ માંડાણી નામનાં ૨૫ વર્ષીય યુવકને પોતાની પત્નિ સાથે એક માસ પહેલા બોલાચાલી થતાં તેણી પીયર જતા રહેલ હોય. તે વાતનું લાગી આવતા ગત તા. ૨૭ના રોજ આશરે રાત્રે ૮ વાગ્યે સાવરકુંડલાના અમરેલી રોડ ઉપર આવેલ પીકઅપ બસ સ્ટેશન સામે પોતે પોતાની મેળે ઉંદર મારવાની ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

### ૩ મે, વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ

# અભિવ્યકિતની સ્વતંત્રતાનો માનવનો મૂળભૂત અધિકાર




અમરેલી, તા. ૨

વિભરમાં ૩ મેના રોજ વિ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો હેતુ પ્રેસની સ્વતંત્રતા વિષે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. આ સાથે જ આ દિવસ વિભરની સરકારને ૧૯૪૮ના માનવ અધિકારોના સાર્વભૌમત્વ અનુચ્છેદ ૧૯ હેઠળ અભિવ્યકિતની સ્વતંત્રતાના અધિકારનું સન્માન કરવા અને તેને જાળવી રાખવા માટે પોતાના કર્તવ્યની યાદ અપાવે છે. યૂનેસ્કોની જનરલ એસેમ્બલીની ભલામણ બાદ ડિસેમ્બર ૧૯૯૩માં સંયુકત રાષ્ટ્ર મહાસભાએ ૩જી મેના રોજ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવાનું જાહેર કર્યુ હતુ ત્યારથી દર વર્ષે ૩મે ના રોજ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ અભિવ્યકિતની સ્વતંત્રતા જાળવી રાખવા અને તેના સન્માન કરવાની પ્રતિબદ્ધતાની વાત કરે છે. પ્રેસની આઝાદીનું મહત્વ ધરાવતો આ દિવસ જણાવે છે કે લોકશાહીના મૂલ્યોની સુરક્ષા અને તેને પુર્નસ્થાપિત કરવામાં મીડિયા મહત્વની ભૂમિકા નિભાવે છે. તેથી સરકારએ પણ પત્રકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. પ્રેસ દિવસ ઉજવવા પાછળનો ઈતિહાસ એવો છે કે ઈ.સ ૧૯૯૧માં આફ્રીકાના પત્રકારોએ પ્રેસની આઝાદી માટે પહેલ કરી હતી ત્યારે તે પત્રકારોએ ૩ મેના રોજ પ્રેસની આઝાદીના સિદ્ધાંતોને સંબંધિત એક નિવેદન જાહેર કર્યુ હતુ, જેને ''ડિકલેરેશન ઓફ વિન્ડોક''ના નામથી ઓળખવામાં આવે છે. એ વખતે પહેલીવાર ૧૯૯૩માં સંયુકત રાષ્ટ્ર દ્વારા આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. દુનિયામાં નિડર પત્રકારો કેટલીય પરેશાનીમાંથી પસાર થતા હોય છે. સાઉદી પત્રકાર જમાલ ખશોગી, ભારતીય પત્રકારો ગૌરી લંકેશ, નવીન નિશ્ચલ, સુજજત બુખારી, ચંદન તિવારી, રાકેશસિંહ અને ઉત્તર આર્યલેન્ડના પત્રકાર લાયરા મક્કીની હત્યાએ પ્રેસની સુરક્ષા પર સવાલ ઉભા કરી દીધા છે. વિભરમાં પત્રકારો અને પ્રેસને કેટલાય પ્રકારની પરેશાનીઓનો સામનો કરવો પડે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને વિભરમાં પ્રેસ ફ્રીડમ ડે મનાવવામાં આવે છે.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## સુપ્રીમ કોર્ટનાં આદેશને શિરોમાન્ય કરીને વેપારીઓ સક્રીય થયા

# અંતે સાવરકુંડલાનાં પાલાધારકોએ સ્વૈચ્છાએ દબાણ હટાવવાનું શરૂ કર્યુ

**મામલતદાર કચેરીની અંતિમ નોટિસ બાદ પાલાધારકોએ સ્વૈચ્છાએ દબાણ હટાવવાનું શરૂ કર્યુ**

**શહેરનાં વિકાસ માટે રોજી-રોટીની ચિંતા કર્યા વગર પાલાધારકોએ ધંધાનું સ્થળ છોડી દીધું**

**ધારાસભ્ય સહિતનાં શાસકોએ પાલાધારકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવી જરૂરી**

**પાલાધારકોનાં પરિવારની મહિલાઓ અને બાળકોનાં હિતમાં તમામ મદદ કરવી જરૂરી**









સાવરકુંડલા, તા. ૨

શહેરમાં છેલ્લા ઘણા સમયથી જેની ચર્ચા હતી તે પાલા હટાવવાની કામગીરીએ હવે જોર પકડયું છે. સુપ્રીમ કોર્ટના આદેશ અને મામલતદાર કચેરીની અંતિમ નોટિસ બાદ પાલાધારકોએ કોઈ પણ જાતના ઘર્ષણ વગર, શહેરના વિકાસ માટે ' મોટું મન' રાખીને સ્વૈચ્છાએ પોતાની જગ્યાઓ ખાલી કરવાનું શરૂ કરી દીધું છે. રવિવાર સુધીમાં તમામ જગ્યાઓ ખાલી કરવા માટેની કવાયત હાલ તેજ ગતિએ ચાલી રહી છે.

ન્યાયતંત્ર પ્રત્યે અતૂટ શ્રદ્ધા દર્શાવતા પાલાધારકોએ સુપ્રીમ કોર્ટમાં આપેલા સોગંદનામાનું પાલન કરીને એક આદર્શ નાગરિક તરીકેની ફરજ નિભાવી છે. જોકે, દાયકાઓ જૂની પોતાની રોજીરોટી છીનવાઈ રહી હોવાનો વસવસો પણ તેમના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. વેપારીઓની માંગણી છેકે ધારાસભ્ય અને વહીવટી તંત્ર નવી યોજનામાં તેમની રોજગારીની સુરક્ષા જાળવે અને કોઈ યોગ્ય વૈકલ્પિક આયોજન કરી કાયમી ઉકેલ લાવે.

જયારે વર્ષો જૂનો વ્યવસાય વિખેરાતો હોય ત્યારે તે દ્રશ્યો કેમેરામાં કેદ કરવા પણ આકરા લાગે છે. ન્યાયનું પાલન પવિત્ર ફરજ છે, પરંતુ તંત્રએ અંતરાત્માના અવાજને સાંભળીને આ પરિવારોના બાળકોના ભવિષ્યનો વિચાર કરવો જોઈએ. સંવેદનશીલતા સાથે સરકાર આ શ્રમિકો અને વેપારીઓ માટે કોઈ મધયમ માર્ગ કે વચગાળાનો રસ્તો કાઢે તેવી પ્રાર્થના શહેરભરમાં ઉઠી રહી છે.


અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧























લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિશ્વાસ
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ

| | |
|---|---|
| પ્રોજેક્ટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ |
| ૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન |
| લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ |
| P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક |
| કોર્ડલેસ માઇક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ) |
| માઇક સીસ્ટમ ઇન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર |

કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેક્ટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલ્ટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફ્લોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49









## રહતે થે કભી. જીન કે દિલ મે, હમ જાન સે ભી. પ્યારો કી તરહ.. યા દિલ કી સુનો. દુનિયા વાલો.. યા મુજ કો અભી ચૂપ રેહને દો.. ઇન બહારો મે અકેલે. ના ફિરો.. રાહ મે કાલી ઘટા.. રોક ના લે..

**પ્રકરણ .. ૨૮૩, - ૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

૧૯૬૬નું વર્ષ ધર્મેન્દ્રનું રહ્યું, સાથે રાજેન્દ્ર કુમાર, સુનિલ દત, મનોજ કુમાર, શમ્મી કપૂર, જોય મુખર્જી, અને નવા આવેલ સંજય ખાન સફળ રહ્યા, તો અભિનેત્રીમાં આશા પારેખ સૌથી વધુ સફળ અભિનેત્રી રહ્યા, ટોપ ટેનમાં તેમની ચાર ફિલ્મો આવી, સાધના, મીના કુમારી, બબીતા, પણ સફળ રહ્યા. આજે આપણે ધર્મેન્દ્રની ત્રણ ફિલ્મોની વાત કરીશું. જે પૈકી બે ફિલ્મો ૧૯૬૬ની એકથી વીસ સફળ ફિલ્મો પૈકીની છે. મમતા – માતા એ ઈશ્વરનું સ્વરૂપ છે, માતાનો સ્નેહ તેના સંતાન પર હમેશા રહે છે, પછી તે બાળક હોય કે યુવા. પણ માતાનો સ્નેહ અવિરત વેહતો રહે છે. એ જ રીતે જયારે બે પ્રેમીઓનો સાચો પ્રેમ પણ કદી ઓછો થતો નથી. બન્ને પ્રેમીઓ એકબીજાના જીવન સાથીના બની શકે તો પણ સાચો પ્રેમ હમેશા ત્યાગ અને સમર્પણની રાહમાં જ ચાલે છે. આવી કહાની લઈ અસિત સેન તેમના નિર્દેશનમાં ફિલ્મ લઈ આવ્યા. મમતા જેનું નિર્માણ ચારૂ ચિત્રનું રહ્યું, ફિલ્મ બંગાળી નોવેલ ઉતર ફાલ્ગુની પર આધારિત રહી, બંગાળી ભાષામાં પણ આ ફિલ્મ બની. નિહાર રંજન ગુપ્તાની કહાની, અને અનિલ ગુપ્તાની સિનેમા ઓટો ગ્રાફી, તરૂણ દતાની એડિટિંગ, મજરૂહ સુલ્તાન પૂરીની કલમના ગીતો અને રોશનના મધુર સંગીતમાં રફી સાહેબ, લતાજી અને સુમનજીના મધુર કંઠના ગીતો આજે પણ સાંભળવા ગમે છે. ફિલ્મમાં અશોક કુમાર, સૂચિત્રા સેન ( ડબલ રોલ ), ધર્મેન્દ્ર, બિપિન ગુપ્તા, તરૂણ બોજ, પહારી સન્યાલ, પ્રતિમા દેવી, ચમન પૂરી અને બંગાળ




ના અભિનેતા જે આ ફિલ્મના ખલ નાયક છે તે કલપડા ચક્રબરતી. એ અભિનય આપ્યો હતો. આ રંગીન ફિલ્મ વર્ષની ૧૫ નંબર ની સફળ ફિલ્મ રહી. આ ફિલ્મ રશિયામાં પણ લોકપ્રિય રહી.આ ફિલ્મમાં પેહલા મીના કુમારીને ભૂમિકા આપવામાં આવી હતી, પણ તેઓએ ના દુરસ્ત તબિયના લીધે ફિલ્મ સ્વીકારી નહીં, અને સૂચિત્રા સેનને આ ભૂમિકા મળી. ધર્મેન્દ્ર ઘણા સમયથી સૂચિત્રા સાથે ફિલ્મ કરવા માંગતા હતા. અને અંતે તેમની ઈચ્છા પૂર્ણ થઈ. એક વાત એવી પણ પ્રચલિત થયેલ કે ફિલ્મમાં ધર્મેદ્ર અને સૂચિત્રાના એક રોમાંટિક દ્રશ્યમાં ધર્મેન્દ્રએ સાચે જ સૂચિત્રા સેનને ચુંબન પીઠ પર આપી દીધું હતું. જે દ્રશ્ય ફિલ્મમાં લેવામાં આવ્યું, પણ સૂચિત્રા આ દ્રશ્યથી નારાજ થયા, અંતે ધર્મેન્દ્રએ તેમની માફી માંગી હતી.ફિલ્મની કહાની એવી છે કે, અશોક અને દેવયાની ( સૂચિત્રા ) એક બીજા ને ચાહે છે, અશોક વધુ અભ્યાસ માટે વિદેશ જાય છે, અને દેવયાનીના પિતાના કર્ઝને ચૂકવવા દેવયાનીને એક આવારા કલપડા સાથે લગ્ન કરવા પડે છે, તેના દ્વારા તેને એક પુત્રી પ્રાપ્ત થાય છે કલપડાના ત્રાસના લીધે દેવયાની તેની પુત્રીને અનાથ આશ્રમ માં છોડી દે છે, અને પોતે એક ગણિકા બની જાય છે, જે માત્ર સ્વર વેચે છે, શરીર નહીં. કલપડા તેની પુત્રીની માગણી દેવયાની પાસે કરતો રહે છે અને તેની પાસેથી ધન પણ લેતો રહે છે. અશોક જયારે પરત આવે છે ત્યારે દેવયાનીને પન્ના બાઈના રૂપમાં જુવે છે, તે પેહલા તેને સમજે છે, અને ઘર લઈ જવા તૈયાર થાય છે, પણ દેવયાની અશોકને તેની પુત્રીની જવાબદારી સોપે છે, અશોક તેની પુત્રીને પોતાની પુત્રી સમજી યુવાન વકીલ બનાવે છે. સાથે તેનો પ્રેમી ધર્મેન્દ્ર પણ વકીલ બને છે. બન્નેની જોડીને અશોક પસંદ કરે છે, તે દેવયાની સાથે પણ સંબંધ જાળવી રાખે છે. એક

### ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

દિવસ કલપડા દેવયાનીની પુત્રી જે અસલ તેના જેવી લાગે છે તે સુપર્ણા ને જોઈ, દેવયાની પાસે તેને મળવાની અને સચ્ચાઈ કેહવાની ધમકી આપે છે, દેવયાની તેના સંતાન માટે કલપડાની હત્યા કરે છે. દેવયાનીનો કેશ અશોક લડે છે, તે વાતથી સુપર્ણા નારાજ થાય છે, ત્યારે અશોક તેને સત્ય જાહેર કરે છે, હવે સુપર્ણા કોર્ટમાં તેની માતાનો કેશ લડી જીતી જાય છે, પણ એની માતા તેને આશીર્વાદ આપી દુનિયા છોડી દે છે. ફિલ્મના ગીતો, રહેના રહે હમ.. લતાજીના સ્વરમાં અને રફી સાહેબ સાથે સુમનજીના સ્વરમાં છે, લતાજીના સ્વરમાં રેહતે થે કભી.. અને રફી સાહેબ સાથે ઈન બહારો મે અકેલેના ફિરો આજે પણ યાદગાર ગીત પૈકી ના છે. ફિલ્મમાં અશોક કુમાર અને સૂચિત્રા છવાયેલા રહે છે.અનુપમા – ઋષિકેશ મુખર્જીના નિર્દેશન અને એલ બી લાછમનના નિર્માણમાં, જયંત પાથરેની સિનેમા ઓટો ગ્રાફી, કેફી આઝમીના ગીતો અને હેમંતકુમારના યાદગાર સંગીત સાથે ધર્મેન્દ્ર, શર્મિલા ટાગોર, તરૂણ બોજ, ડેવિડ, શશિકલા, દુલારી, દેવેન વર્મા સુરેખા પંડિતથી અભિનીત આ બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મ વર્ષની ૨૦ નંબર ની સફળ એવેરેજ ફિલ્મ રહી. ફિલ્મની કથા એવી છે કે, તરૂણ તેની પત્ની સુરેખાને ખૂબ જ ચાહે છે, પણ સુરેખા બાળકીને જન્મ આપી આ દુનિયાથી વિદાય લે છે, તરૂણ આવનાર બાળ કીને તેની માતાની હત્યારી સમજે છે. તે શરાબના નશામાં જીવન પસાર કરવા લાગે છે, તેની બાળકીને ઘરની નોકર દુલારી માતાનો સ્નેહ આપે છે. તરૂણ તેની પુત્રીને નફરત કરે છે, પણ પિતાનું દિલ શરાબ પીધા બાદ પીગળી જાય છે,તે રોજ તેની પુત્રી માટે રમકડાં લાવે છે, પણ તેની પુત્રીને પિતાનો પ્રેમ આપતો નથી. શર્મિલા યુવાન થાય છે, પણ હમેશા તેના પિતાથી ડરીને જીવના જીવે છે. તેના જીવનમાં એક ગરીબ યુવાન ધર્મેન્દ્રનો પ્રવેશ થાય છે, જે તેને ખુશ રેહવા અને જીવન જીવવાની પ્રેરણા આપે છે. તે એક શર્મિલાના જીવન




પર નોવેલ લખે છે, જેનું નામ અનુપમા છે. તે બુક શર્મિલાને ભેટ આપે છે. બીજી તરફ તરૂણને શર્મિલા અને ધરમના સંબંધ પસંદ નથી , તે શર્મિલાના લગ્ન બીજે નક્કી કરે છે, શર્મિલા ધરમની બુક વાંચે છે, તેમાં તેના જીવનનું નિરૂપણ છે, અંતમાં અનુપમા તેના જીવનનો નિર્ણય જાતે કરે છે, અને શર્મિલા પણ તેના પિતાને કહે છે કે, તમે જેમ તમારી પત્નીને પ્રેમ કરતાં હતા, તેમ એક વ્યક્તિ મને પ્રેમ કરે છે, અને હું તેની પાસે જાવ છુ. સદા પિતા ના ડરથી સહેમી રેહતી દીકરીને પિતા રોકતા નથી. અને પિતાનો પ્રેમ આંશું દ્વારા નીકળી પડે છે. શર્મિલા ધરમ પાસે પહોચી જાય છેપિતાના રોલ માટે પેહલા અશોકકુમાર પસાદગી હતા, પણ અંતે આ રોલ તરૂણ બોજને મળ્યો અને તરૂણની કેરિયરનો સૌથી સરસ રોલ આ ફિલ્મમાં છે. શર્મિલાએ અહી લાજવાબ અભિનય આપેલ છે. એક કલાકની ફિલ્મ પૂરી થયા બાદ શર્મિલાનો સંવાદ આવે છે, અહી ફિલ્મમાં શર્મિલા સંવાદના બદલે આંખો અને ચહેરાના હાવભાવથી અભિનય આપેલ છે. ધર્મેન્દ્ર એક અભિનેતારૂપે બહાર આવી રહ્યા છે. ફિલ્મના ગીતો આજેપણ યાદગાર છે. ધીરે ધીરે મચલ, ગીત સુરેખા પર ચિત્રિત થયું છે, આ ગીતમાં કેફી એ ૧૯૫૫ની ફિલ્મના ગીત જેના લેખક સાહિર છે, તેની મુજબ જ કવિતા લખી છે, બંને ગીતમાં એક આંતરો એક સરખો આવે છે.. આ ફિલ્મને રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.દેવેન વર્મા – દેવેનનો જન્મ ૨૩ – ૮ – ૧૯૩૭માં ગુજરાતના કચ્છમાં થયો હતો. તેઓ કોલેજમાં મિમિક્રી સારી કરતાં હતા. અને તેમના પિતા ફિલ્મોના વિતરક હતા.. તેમણે હિન્દી સિનેમામાં ફિલ્મ ધર્મ પુત્રથી હિન્દી સિનેમામાં પ્રવેશ કર્યો. પણ સફળતા ૧૯૬૬થી મળ. અશોક કુમારની પુત્રી પ્રીતિ સાથે તેમના લગ્ન થયા હતા. અશોક દેવેનને પસંદ કરતાં હતા. અને તેમણે જ દેવેનને જમાઈરૂપે પસંદ કર્યા હતા. દેવેન ૨૦૦૩ સુધી સક્રિય રહ્યા. ૨–૧૨–૨૦૧૪માં તેઓ અમર થયા. હિન્દી સિનેમામાં સામાન્ય માનવી ના હાસ્ય તેમણે પરદા પર રજૂ કર્યા. તેઓને ત્રણ ફિલ્મ ફેર એવાર્ડ પ્રાપ્ત થયા છે. દેવેન એક કોમેડિયન અને ચરિત્ર ભૂમિકામાં છવાયેલા રહ્યા.મુહબત ઝીંદગી હે – જગદીશ નરૂલાના નિર્દેશનમાં, અને કે.સી.ગુલાટીના નિર્માણમાં એસ.એચ.બિહારીના લખેલ ગીતો અને આ પી નૈયરના સંગીત સાથે આ ફિલ્મમાં ધર્મેન્દ્ર, રાજશ્રી, જુનિયર મહમુદ, દેવેન વર્મા, નાસિર હુસેન, બદ્રિ પ્રસાદ અને મહમુદે કામ કર્યુ હતું. એક અમીર બાપની પોતાનું ધાર્યું કરવા વાળી પુત્રીના પિતા વસિયતમાં તેની મિલકત પુત્રીના પતિના નામે કરે છે. રાજશ્રી ધરમ જેને ફાસી થવાની છે, તેની સાથે લગ્ન કરે છે, જેથી તેના મોત બાદ તે માલિક બની જાય.પણ નાસિર ધરમને નિર્દોષ સાબિત કરે છે, હવે ધરમ રાજશ્રીના દિલમાં પ્રેમનું ઝરણું શરૂ કરે છે, પણ રાજશ્રીના સ્વભાવના લીધે તે તેનો પ્રેમ સ્વીકારતો નથી, અંતે રાજશ્રી તેના પ્રેમની સાબિતી આપે છે અને બંને એક થાય છે. આ ફિલ્મ કોલસાના ખાણ પર બનેલ છે. ફિલ્મ કા લા પથથરની જેમ અહી પણ ખાણમાં પાણી ભરાઈ જાય છે. ફિલ્મ સફળના રહી. ફિલ્મનું ગીતના જાણે કયૂ હમારે દિલ કો તું ને દિલ.. થી યાદ કરાય છે. આગામી અંકમાં ધર્મેન્દ્રની સંગીત મય ફિલ્મોની વાત કરીશું. આભાર...

## ''લો ચાવી ખોલો તાળું, સુખના ખજાનાની ચાવી આપણાં હાથમાં''

## ''આંખથી સળગી થયેલ સોનલને કહેજો કે હવે આસુના ગીતડાં ન ગાય. (અ.ઝ.)''

મારા વિચાર અને વાણીની દિશા બદલી નાખનાર સોનલબાને પ્રણામ. સોનલ બા તમે આ લોકમાંથી પરલોક પધાર્યા છો તો હું તમને પરલોકે પત્ર લખવા બેઠી છું. કોરા કાગળમાં સ્નેહ અને પ્રેમના આંસુના ફુલો હવે મહેંકી રહ્યા છે માટીની કાયા માટીમાં મળશે પછી ઉગશે લીલુછમ ઘાસ, પક્ષીઓ આવશે, પ્રાણીઓ આવશે, ઘડીક તો કરશે વિશ્રામ મોગરાની માળા હાથે બનાવી હું તો હરિને મળવા ચાલી ચોતરફ જોવ તો ઘેરાબંધી છે કાંકરી પણ ખરે ન કયાંય... તોય આવા સાવ અપરિચિત પંથ પર ચાલતા યુવક યુવતીઓને સાવચેત કરવા છે. જિંદગીમાં સમસ્યાઓ આવશે પરંતુ કુટુંબીઓ, ભાઈઓ, બહેનો, વહુઓ સૌ એકબીજા સાથે એક થઈને હદયની એકતા રાખી સહિયારા જીવનમાં દુ:ખ સાથે લડશે તો દુ:ખનો ભાર વહેંચાઈ જશે. મધુર અને સંવાદિતા વાળું જીવન મંગલમય બને તે માટે હવે મારે પ્રયાસ કરવાના છે, જો પરિવાર સાથે હાથમાં હાથ મિલાવી તહેવારો, ઉત્સવો ઉજવ્યા હશે તો સાચું સ્વર્ગ અહીં જ છે તે સૌ પ્રતીતિ થાય છે. રોજ અખબારમાં સમાચાર વાંચુ છું. તો મારે શું કરવું ? પરંતુ સોનલ મમ્મીના મૃત્યુએ મારા

### સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


આંખનાં પડળ આંસુ વાટે વહી ગયા છે પ્રાયશ્ચિત રૂપે મારે હવે સમાજનાં અનેક કુટુંબોને તૂટતા બચાવવા મારે કંઈક કરવું છે નોકરી તો નહિ છોડી શકુ માસિક ત્રણ લાખ રૂપિયાના પગારમાંથી કુટુંબ માટે જીવનશૈલી બદલીશ ઉંચો પગાર છે ભલે હું નોકરને વિદાય આપીશ ઘરમાં દરેક સભ્યને મારા હાથનું જમાડીશ. સૌજન્યથી છલકાતા મારા ઘરમાં હદય અને મનનાં દ્વારા એવા ખુલ્લા રાખીશ જેથી સ્વાભાવિક રીતે સાસરિયા સાથે સંવાદ સાધી શકુ ખરેખર સાસરે આવતા પતિ સાથે નહિ પણ સમગ્ર કુટુંબ છોડીને સૌનાં મંતવ્યો, સૌની મરજી સમજીને હું ચાલીશ સોનલબાની વાતો જે જાણી ત્યારે થયું કે કેટલી સમજ હતી. ગમે તેટલી ઘરમાં વસ્તુ બગડે, ઢોળાય, મોડું થાય. તો પણ ઠપકાનો એક પણ શબ્દ કહ્યો નથી. આવું તો થાય તેમાં શુ ? એમ કહી આખી વાત પલટી નાખે.

સ્ત્રીનું મન ઘણું સારૂ હોય છે. નાની નાની બાબતમાં ઠપકો દેવો. સુચનો કરવાથી મનદુ:ખી થઈ જાય છે. કોઈપણ સ્ત્રી ઘરમાં પગ મૂકે ત્યારે આ મારૂ જ ઘર છે તેમ માની સૌના બેલનો આદર કરવો જોઈએ ઘરનાં દરેક સભ્યનો ખ્યાલ રાખવો હેત પ્રેમથી સૌને પ્રેમથી ભીંજવી દેવાનું કર્તવ્ય કરવાનું છે. હેતપ્રેતથી વર્તન કરશો તો ઘરનો ઉજાશ પ્રકાશથી ઝળહળી ઉઠશે ધર્મના દરેક પુસ્તકમાં અનેક શ્લોકમાં કહયું ઘરનાં સુખનો આધાર ગૃહલક્ષ્મી છે સૌને લાગીણીથી સમજીને ઘરની વહુ તરીકેનું કર્તવ્ય કરવાનું છે મોટીબેન મોનાએ લગ્ન કરી પતિના ઘરે આવી ત્યારે જાણ્યું કે સસરાની અને સાસુની તબિયત સારી રહેતી નથી કામ કરી શકતા નથી. સાસુની કાળજીભરી માવજતની જરૂર છે મોનાએ પોતાની હાઈસ્કુલની નોકરી છોડવાનો વિચાર કર્યો સાસુ–સસરાએ કહ્યું આવી સારી નોકરી છોડાય નહીં પપ્પાએ પણ કહ્યું તારી ફરજ છે કે સાસુ–સસરાની સેવા કરવી તારો આદર સારો છે પરંતુ તુ કમાઈશ તો ઘરમાં વધુ આવક થશે. આ વેશમાં લાગણીમાં કોઈ નિર્ણય ન લે. સવાર–સાંજ ઘરમાં મદદ કરી શકે. પછી આવી નોકરી ન પણ મળે. પરંતુ મોનાએ કોઈનું માન્યુ નહિ સાસુ–સસરા એકલા મૂકી નોકરીએ જાય તે યોગ્ય નથી તેમ કદી એણે નોકરી છોડી દીધી રસોયાને અન્ય કામવાળાને રજા આપી દીધી સાસુ–સસરાને ગરમગરમ રસોઈ જમાડતી સમયસર દવા આપતી અને સાસુ–સસરાને ગમે, તેવી વાતો કરે પુસ્તક વાંચી સંભળાવે. યોગ્ય માવજત અને પ્રેમથી એક વર્ષમાં સાજા નરવા કરી દીધા બહેન જો આવું કરી શકે તો હું કેમ નહિ ? ઘણી બહેનપણીઓએ બહેનને ઠપકો પણ આપ્યો ત્યારે તે કહેતી મેં ભલે મારી નોકરી ગુમાવી પણ સાસુ સસરાની સેવા કરવાનો મને સંતોષ મળ્યો છે કે મારૂ મસ્તક ગૌરવથી ઉન્નત છે મારી ટીચર તરીકેની નોકરીમાં હું કહી શકીશ કે નોકરીએ જીવનમાં એક ભાગ છે કર્તવ્ય, પ્રેમ, ફરજ સમગ્ર જીવન છે જીવન તો ખૂબ મોટું છે અને જે દ્વારા મળ્યો છે તેની કિંમત જેસા (આગળ) કરતા વધુ છે. આધુનિક સ્ત્રીઓ કુટુંબ માટે ઘસતી નથી. કુટુંબના હિત ખાતર પોતાની જાતને ઘસી નાખે, ઓગાળી નાખે તે સાચુ સુખી સાર્થક જીવન છે ગૃહલક્ષ્મી શબ્દ સામાન્ય નથી. શ્રેષ્ઠ સુખનું–સ્વર્ગનું પ્રતિક છે ઘરમાં મોના જેવી વહુ હોય તો ત્યાં બારેમાસ દરેક દિવસ આંનદની ગીલર લગતી રહે છે. કોઈ રોગ ટોકતો નથી. છેક ઘરે આવો અપૂર્વ અવસર જયારે આવશે ? હવે એ અવસરને વાસ્તવિક જીવનમાં લાવવા મે નિર્ણય કર્યો છે તે રીતે હું મારી જાતને સૌ પ્રથમ દ્રષ્ટાંત બનાવીશ ફરીથી ધર્મગ્રંથોનું અધ્યયન કરી ચાલુ વર્તમાનમાં ધ્યેય રીતે પીરસીશ જેતી સુગંધ સૌને મળે પ્રમુ મને એવી શકિત આપો. (અપૂર્ણ)

## 'સમજણ એ જ નારાયણ'

### ''આમ તો પ્રીત એક વ્યાધિ છે, જીરવી જાણે તો સમાધિ છે !''

– મુસાફીર પાલનપુરી

એક સમર્થ સાહિત્ય કલાકાર પાસેથી સાંભળેલી વાત છે : કોઈ એક ખુબ જ સ્વરૂપવાન કન્યાને પ્રથમ વખત જ જોઈને એક તેનાં સમવયસ્ક યુવાન માણસને તેનાં પ્રત્યે અનેરો લગાવ ઉતપન્ન થાય છે તે પોતાની હદયની ઉર્મિઓને કન્યા પાસે વ્યકત કરીને તેમની સાથે લગ્નનો પ્રસ્તાવ મૂકે છે, કન્યા પુરા આદર સાથે વાત પોતે જન્મથી જ અંધ હોવાની વાત જણાવી તેની મર્યાદાઓથી યુવકને વાકેફ કરે છે, યુવકનાં હદય ઉપર આ કન્યાની અમીટ છાપ પડી ગઈ હોવાથી તે કન્યાને પોતાનો ફોટો અને સરનામુ આપીને ભવિષ્યમાં તેને દષ્ટિમળે તો પોતાના પ્રસ્તાવ અંગે વિચારવાનું આહવાન આપી પોતાનાં સામાજિક જીવનમાં વ્યસ્ત થાય છે.ઘણો સમય પસાર થયા પછી કન્યાની આંખોનું સફળ ઓપરેશન થાય છે, તેને દષ્ટિ મળે છે, જીવનમાં પ્રથમ વખત તે પોતાની જાતને સ્વરૂપને નિહાળે છે, અને ગદગદ થઈ જાય છે કે 'વાહ હું તો કેટલી




**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


સ્વરૂપવાન છું' પછી તેને એ યુવકની વાત યાદ આવે છે તે યુવકનો ફોટો નિહાળે છે યુવક કદરૂપા દેખાવનો હોય છે કન્યા નાસીપાસ થાય છે, અને યુવકને પત્ર લખે છે કે મને આંખો મળી ગઈ છે, અને હવે હુંએ નિર્ણય ઉપર આવી શકી છું કે તમે હવે તો મારા સાથે લગ્ન કરવાની વાત સાવ ભૂલી જ જાજો. મારી આ બાબતે જરાપણ આગળ વધવાની ઈચ્છા નથી. પત્ર પોસ્ટ થાય છે, થોડાં દિવસ પછી કન્યાને એ યુવકના ભાઈનો લખેલો પત્ર મળે છે, તેમાં લખેલું હોય છે કે આપનો નિર્ણય અને માથે ચડાવીએ છીએ પણ જે આંખોથી તમે તમને પોતાને જોઈ શકયા અને પછી તમને લાગ્યું કે મારો ભાઈ આપને લાયક નથી એ આંખો મારાભાઈની તમને ડોનેટ કરેલી છે !ખરેખર પ્રેમ એ ઈશ્વરની બહુમૂલ્ય ભેટ છે, પ્રેમનાં નામે સમાજમાં આજે ખૂબ છેતરપીંડી થાય છે, પ્રેમએ કોઈને પામવાની વસ્તુ નથી, પ્રેમ ફરજ છે કર્તવ્ય, જવાબદારી, પવિત્રતા અને સાધનાનું જ સ્વરૂપ છે, પ્રેમ માત્ર વિજાતીય આકર્ષણ જ નથી. આપણે ઈશ્વરને, વડીલોને, પરિવારજનોને, પોતાનાં કામને, પ્રકૃતિને, પરમાર્થભાવને પણ ઊંડાણપૂર્વક પ્રેમ કરી શકીએ છીએ ત્યાગ એ પ્રેમનું પ્રથમ જ પગથિયું છે, તો પ્રેમ તમને કયારેય પથભ્રષ્ટ નહીં થવા દે, એ જ તો અને પાયાની શરત છે, માત્ર એક વ્યકિતમાં ઈશ્વર જોવો એ પ્રેમ છે, સૌમાં ઈશ્વર દેખાય એ ભકિત છે !

**નવનીત**

**''કોઈને આમ સમજાયો,**
**કોઈને તેમ સમજાયો,**
**માત્ર અઢી જ અક્ષર હતાં,**
**તોયે કયાં પ્રેમ સમજાયો ?''**

**– હરજીવન દાફડા**

## ''ડિગ્રીથી ભીત શોભશે પણ જિંદગી કોણ ઘડશે : નસીબના ભરોસે બેસશો કે મહેનતની ચાવીથી ભાગ્યના દ્વાર ખોલશો''

જીવન એ કોઈ ગાણિતિક સમીકરણ નથી કે જેનો જવાબ દરેક વખતે સરખો જ આવે; જીવન તો એક વહેતી સરિતા છે, જેમાં અનુભવના પથ્થરો સાથે અથડાઈને જ માણસ ઘડાય છે. આજના ભાગદોડભર્યા યુગમાં જયારે દરેક વ્યકિત સફળતાની પાછળ અંધાધૂંધ દોડી રહી છે, ત્યારે પ્રશ્ન એ થાય છે કે સાચી સફળતા અને સાચું સુખ ખરેખર છે ક્યાં ?

શિક્ષણની વ્યાખ્યા આપણે માત્ર ડિગ્રીઓ પૂરતી સીમિત કરી દીધી છે, પરંતુ વાસ્તવમાં જીવનની વિપરીત પરિસ્થિતિઓનો સ્મિત સાથે સામનો કરવાની ક્ષમતા કેળવવી, એ જ સાચું શિક્ષણ છે. આપણે ઘણીવાર નસીબના ભરોસે બેસી રહીએ છીએ. પણ ભૂલી જઈએ છીએ કે મહેનતરૂપી સોનેરી ચાવી વિના ભાગ્યના દ્વાર ક્યારેય ઉઘડતા નથી. જે વ્યકિત પરસેવો પાડતા શીખી જાય છે, સફળતા તેને જ વરે છે.

માણસ આખા જગતને બદલવાના અભરખા રાખે છે, પરંતુ પરિવર્તનની શરૂઆત હંમેશા પોતાની જાતથી જ કરવી પડે છે. જો તમે તમારી દષ્ટિ બદલશો, તો આખું જગત બદલાયેલું લાગશે. ક્રોધ અને અહંકાર એ આપણા જ્ઞાનના શત્રુઓ છે. ગુસ્સાની એક ક્ષણ જો સંયમથી પસાર કરી લેવામાં આવે, તો જીવનભરના પસ્તાવામાંથી મુકિત મળી શકે છે. યાદ રાખજો, જે મળે તેમાં સંતોષ માની લેવો તેનું નામ જ સુખ છે. સંતોષથી મોટી કોઈ સંપત્તિ નથી અને મનની શાંતિથી મોટું કોઈ સ્વર્ગ નથી.




**હાર્દિક ચંદારાણા**
મો. ૭૨૧૧ ૫૫૫૦૩ ઈ-મેઈલ : hchanadarana@gmail.com


આપણી વાણી અને વર્તન એ આપણા ભવિષ્યની આરસી છે. બોલતા પહેલા બે વાર વિચારવાની ટેવ આપણને અનેક વિવાદોથી બચાવે છે. જેવી રીતે નાવમાં પડેલું નાનું કાણું આખી નાવને ડૂબાડી શકે છે. તેમ જીવનમાં પ્રવેશેલા નાના અવગુણો પણ પ્રગતિને અટકાવી દે છે. આળસ એ આપણો સૌથી મોટો શત્રુ છે, જે આપણી આજની મહેનતને તો ચોરે જ છે, પણ સાથે ઉજ્જવળ આવતીકાલની પણ ચોરી કરી લે છે. જીવનમાં સાચા મિત્રની પરખ પણ એટલી જ જરૂરી છે. જે વ્યકિત તમારી ભૂલો દુનિયા સામે નહીં, પણ એકાંતમાં તમને પ્રેમથી સમજાવે, તેને જ સાચો હિતેચ્છુ માનવો. અંતે તો એટલું જ કહી શકાય કે, માણસ તેના જન્મ કે કુળથી નહીં, પણ તેના ઉમદા કર્મોથી મહાન બને છે. જીવનમાં ક્યારેય હાર ન માનો, કારણ કે પડવું એ હાર નથી, પણ પડીને ઊભા ન થવું એ જ સાચી હાર છે; કેમ કે જે સંઘર્ષ સામે લડવાની હિંમત રાખે છે, વિજયનો તાજ હંમેશા તેના જ શિરે શોભે છે. સત્યના માર્ગ પર ચાલવું કદાચ શરૂઆતમાં કઠિન લાગે, પણ મંજિલ હંમેશા સુખદ હોય છે.જો આપણો આત્મવિસ અડગ હશે અને ઈર પર અતૂટ શ્રદ્ધા હશે, તો જીવનનો પ્રવાસ ચોક્કસપણે આનંદદાયક બની રહેશે. દુનિયાની ભીડમાં એટલા પણ આગળ ન નીકળી જાવ કે પાછા વળીને જુઓ ત્યારે 'પોતાના' જ ન દેખાય. સાચી સફળતા શિખરો સર કરવામાં નહીં, પણ શિખર પર પહોંચ્યા પછી પણ જમીન સાથે જોડાયેલા રહેવામાં છે. માણસાઈથી મોટો કોઈ ધર્મ નથી, અને કર્મોથી મોટી કોઈ ઓળખ નથી. અંતે તો એટલું જ યાદ રાખજો કે, આ જગત તમને તમારા 'નામ' થી નહી. પણ તમારા 'કામ' અને 'માણસાઈ'થી યાદ રાખશે. સફળતા એટલે શિખરો જીતવા નહી. પણ શિખર પર પહોંચ્યા પછી પણ કોઈનું દિલ ન જીતવું એ જ સૌથી મોટી હાર છે. જીવનમાં ક્યારેય હાર ન માનો, કારણ કે અંધારા પછી જ હમેશાં ઉજાસ હોય છે.

# ।। રામ સુના દુઃખ કાન ન કાઉ, જીવનતરૂ જિમિ જુગવત રાઉ ।।






પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.[illegible] (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)



સમજી ગયેલી કારણ વ્યવસ્થાપકો દ્વારા આ પક્ષપાત તે ચાલતે જ અને આજે પણ એમ જ ચાલે છે. ટાંગામાં સડક પર થોડે દુર પહોંચી તેટલામાં તે ગાડી ખાલી થતા ડ્રાયવર ટાંગા પાછળ દોડતી આવી કહેવા લાગે બહેને મારા લાયક કંઈ કામ હોય તો જરૂર કહેજે કારણ એક મહિના પહેલા તે પિતાના માલિક સાથે જયપુર ઘેર આવેલે. ધર્મશાળાએ પહોંચી ત્યાં સ્વતંત્ર રૂમ આપવા ના કહી. મોટા હેલમાં સમૂહમાં ફાવે તેમ નહેતું. સ્નાનાદિથી પરવારી એટલામાં તે પૂ. જલારામ બાપાના મંદિરથી પ્રસાદ લેવા ફોન આવ્યો. મારે તો ઉપવાસ હતો. મંદિરે દર્શને જવાની જ હતી. ચિડીવારે ફરી પાછા ફેન આવ્યે બધી વ્યવસ્થા છે કે નહીં તે પૂછવા તેમજ સાંજે અમે બધા ભગવાન પાસે સુંદરકાંડ કરવા જઈએ છીએ ત્યારે અમારી સાથે આવજે. તેમજ હમણાં ભાઈ વાડીએ જશે ત્યારે ભગવાનને તમારા આવ્યાના ખબર આપશે વિગેરે. મેં સ્વતંત્ર રૂમની ઈચ્છા દર્શાવતા તેમણે વ્યવસ્થા કરાવી આપી. મેં કહ્યું, “મારા કારણે ભગવાનના આરામમાં વિક્ષેપ થાય તે હું ઈચ્છતી નથી. મને ખબર છે રવિવારે જ દર્શન આપે છે છતાં ભગવાન કદાચ અહીંથી વહેલા નીકળી જાય તો તે વિચારથી હું થોડી વહેલી આવી છું. આ પ્રેગ્રામ બાબત માત્ર મને ખબર આપેજે કે વહેલા તે નથી જવાના ? હું અહીં ધર્મશાળામાં જ બે દિવસ રહીશ.

બપોરે ભગવાનને આ બાબત ખબર મળતા તરત જ ગાડી મોકલી અને પોતાની પાસે જ બીજા બહેનો સાથે મને રહેવા જણાવ્યું. વાડીમાં અલગ અલગ જગ્યાએ રસોઈ કરવાનું ભગવાનને યોગ્ય ન લાગતા સેવા કરનાર બહેનોને કહ્યું હશે, મારી રસોઈ બન્યા બાદ મારા સોડમાં રમા પિતાની રસોઈ બનાવી લેશે. તેને રસોડામાં આવવા દેજે. પહેલા દિવસે ઉપવાસ હોવાથી પ્રશ્ન જ નહતો. આ વ્યવસ્થાથી હું અજાણ હતી. રસેઈને સામાન મારી સાથે હતે. પરંતુ રાત્રે એક બહેન દ્વારા મને અમુક બહેનોને મારે વિરોધ હતો તે જાણવા મળ્યું. અને વિરોધનું કારણ ઘણું વિચિત્ર હતું. ક્યારેક કેઈ વ્યકિતએ મારી પાસે બીજાના સ્વભાવ વિશે ચર્ચા કરી હોય તેની સાથે તે વિશે મેં પણ મારે અભિ–પ્રાય જણાવ્યો હોય તે વાતને ફેરવીને મારી વિરૂધ્ધ ઉશ્કેરવામાં આવેલા તે જાણવા મળ્યું. આ અનુભવ તો હવે સહજ બની ગયેલા કે એકબીજાની ગેરહાજરીમાં ઘણું વિરેધી વાતો મને કરતા હોય

રામ તુમહિં પ્રિય તુમ રામહિં, યહ નિરજોજ્ઞ દોષ વિધિવામહિં।

અને ભગવાન પાસે સમય પર મારી વિરૂધ્ધ તે બધા એક થઈ જતા. આ પણ મીઠું બોલતી વ્યકિતઓને ઓળખવા માટેનું અને વિવેકપૂર્વક બધા સાથે સંબંધ રાખવાનું શીખવતું પ્રભુ કૃપાનું જ એક પાસું હતું. છલકપટ કે ચાલાકી, ચતુરાઈ ભગવાનની કૃપાથી ન જાણતી હોવાથી આવા પ્રસંગોને વારંવાર ભેગ બનતી. મૂળ તે ભગવાને મને બોલાવી તે સહી ન શક્યા. બીજા દિવસે “ઉલ્ટા ચાર કેટવાલકો ડાટે” તે રીતે મારી વિરૂધ્ધની ફરિયાદ ભગવાન પાસે પહોંચતા મને બેલાવી વઢીને કહ્યું, “ અભી કે અભી રાજકોટ ચલી જાવ.” આ રીત હું ન સમજી શકવાથી દુઃખી થઈ ગઈ. “રીત જગતસે ન્યારી” આવે જ એક પ્રસંગ બાપુજી પાસેથી સાંભળવા મળેલ કે ભકત પૂ. જાદવજીભાઈ ધીરે ધીરે ઘણો સમય રાજકેટ આશ્રમમાં ગાળતા તે વખતે અમુક વ્યકિતઓએ તેમને પણ વિરોધ કરેલા અને ભગવાન પાસે આ ફરિયાદ કરેલી. ભગવાને તેમને થપ્પડ મારીને કહેલું, “ચલે જાવ, આશ્રમમે આના નહીં.” સમય જતાં તે જ વિરોધીઓએ ભગવાનને વિનંતી કરી હશે પૂ. શ્રી જાદવજીભાઈને આશ્રમમાં બોલે. વગર વાંકે કાઢી મૂકેલ પૂ. જાદવજી ભાઈને ભગવાને ફરી બોલાવ્યા. ત્યારે ખૂબ જ સહજ અને સરળતાથી પાછા આવ્યા હતા. એમની કક્ષાએ તે મારા જેવી અવગુણોની ખાણ કઈ રીતે પહોંચી શકે ? પરંતુ આ પ્રસંગમાં કાંઈક એવું જ હતું. ભગવાન બીજે દિવસે રાજકોટ પધાર્યા ત્યારે દર્શને ગયેલી. ત્યાંથી જામનગર પધારતા હતા ત્યારે ભીડની વચ્ચેથી આગળ જઈ હું ઉભી હતી. ગાડી મારી પાસે ઉભી રાખી કહ્યું, “જામનગર આ જાવ.”

(૭૦) તુમ કૃપાલ સબ સંશય હરેઉં

જામનગરમાં પણ ખૂબ ભીડ હતી. કોઈના ઘેર પધારેલા. હું નીચે સીડીમાં જ બેઠી હતી. કદાચ હિંમત કરી તેમના ઘેર જાઉં તે ઘરધણીની મારા પ્રત્યેની તિરસ્કૃત દ્રષ્ટિ જોઈ વિશેષ દુઃખ થાત એ કરતા નીચે બેસવું સારૂં હતું.

રામ પયાદેહિ પાંય સિધાયે, હમ કહ રથ ગજ બાજિ બનાયે।

ગમે તેવા શ્રીમંત હોય તે મારે શું ? જો કે હંમેશા ભગવાન પણ આ વાતને ટેકો આપતા. તેથી જ તો પોતે પણ બોલાવતા નહીં. પરંતુ જીવ કોઈપણ શકિતના નશામાં ડૂબેલો હોય છે ત્યારે તે નશાના મદથી કોઈને તિરસ્કાર, અપમાન કે કટાક્ષ કરતા અચકાતો નથી અને તે પણ ભૂલી જાય છે કે મારા પણ આ દિવસે હંમેશા રહેવાના નથી. ભગવાન પાસે આવતા ઘણું શ્રીમંતે કે ગરીબોની સ્થિતિ પલ્ટો ખાતાં જોઈ છે અને એ તે નિશ્ચત છે જ કે રાત ત્યાં દિવસ અને દિવસ ત્યાં રાત. સુખ, દુઃખ જોડાયેલા જ છે માટે જ કહેવાય છે, “શું તવંગર શું કુબેરે, ગર્વ સહુને તૂટશે, આજ તો ફુટી છે પ્યાલી, કાલ કુંજો ફુટશે.” શ્રીમંતાઈના નશામાં જીવ ગરીબોને સતાવતી વખતે વિચાર નથી કરતો. ગરીબ એટલે ધનથી જ નહીં જે સ્વભાવથી નરમ છે. આવા પ્રસંગે વિશે ભગવાનના શબ્દો સાંભળવા મળતા, “દેખેં ગરીબ કો ન સતાવ. ગરીબ ક્યા કરેગા રો દેગા લેકિન ઉસકા માલિક સૂનેગા ત તુમ્હેં જડ મૂલસે બેદેગા.” ગૌસ્વામી શ્રી તુલસીદાસજીના શબ્દો. તુલસી હાય ગરીબકી, કબહૂં ન ખાલીજાય મુયેં ઢેરકે ચામસે, લેહા ભસ્મ હો જાય.

ભગવાનની પરમકૃપાથી આવા પ્રસંગે બનતા શીખવા મળે છે કે કદી પણ કોઈ જીવને હલ્કા માની તન, મન કે વચનથી દુઃખ થાય તેવું વર્તન ન કરવું કારણ કે આ પણ એક રીતે હિંસા જ છે.

પરહિત સરિસ ધર્મ નહિ ભાઈ, પરપીડા સમ નહિ અધમાઈ

જીવન ઘડતર અર્થે એટલા જ માટે દુઃખ જરૂરી છે કારણ તેમાંથી પસાર થયા વિના બીજાના દુઃખને સમજી શકાતું નથી એટલે જ કહેવાય છે કે બટેટા બફાયા વિના મીઠાં થતાં નથી. ભગવાનના ચરણમાં પહોંચ્યા પછી તે બધી ક્રિયા પ્રેગાત્મક રીતે જ શીખવા મળે છે. આવી ઘટના વિષે એકવાર મેં ભગવાનને કહેલું, “ભગવાન, વેહી વ્યકિત જયપુર આતે હૈ તબ આપ મુઝે ઉનકા પૂરા પ્રયાન રખને કે લિયે કહતે હે. ઉનકે અનુકુલ વ્યવસ્થા હો સકે જહાં તક કરના ઐસી સૂચના ભી આપ દેતે હૈ, તબ આપકી આજ્ઞા અનુસાર મેં આપકી સેવામેં સે સમય નિકાલકર યથાશકિત ઉનકા વિશેષ ધ્યાન રખને કા પ્રયત્ન કરતી હું.રામગવન બન અનરથમૂલ, જો સુનિ સકલવિશ્વ મઈ શૂલ। આપતો જાનતે હે કિ ઘરમેં મુઝે ઔર કિસકી મદદ નહીં મિલતી ઓર જબ મેં આપકે સાથ ઉનકે ઘર આતી હું તબયે લોંગ મેરે સાથ બોલતે ભી નહીં. ઈસ કારણ વિચાર આતા હે કિ, ક્યા આપ શ્રીમતિક હી ધ્યાન રખતે હૈ ઔર મેં હર પ્રકારસે ગરીબ હૂં ઈસલિયે મેરા નહીં કોંકિ ઉનકે યહાં આપ ભી તે કુછ નહીં બોલતે હો.” આ સાંભળી કહેલું, “દેખે રમા, ઐસી બાત નહીં હે. મેં સબ જાનતા હૂં દુઃખ ભી હોતા હે પર તુમ મેરી હે ઈસલિયે અપને યહાં આયે હુયે અતિથિકા શકિતભર સ્વાગત કરના અપના ધર્મ હે વહ મેં તુમ્હેં સિખાતા હું ઔર દૂસરોં કે યહાં આપની વ્યકિત કે લિયે ધ્યાન રખને કે તો મેં ઉન્હેં કૈસે કહ સકતા હૂં ?” આ સાંભળતા ખૂબ સંતોષ થતો. હૃદય ભગવાનની પ્રેમાળ આત્મીયતા ભરી વાણી સાંભળી ગદંદ્ગદૂતિ થઈ જતું. આ આત્મીયતા જ જીવનને આધાર બની રહેતી.

જામનગરથી મોટર દ્વારા ભગવાન પાછા વીરપુર જવાના હતા. મને રાજકોટ થઈને જયપુર જવા કહેલું. મારો સામાન રાજકોટ હતો તેથી અમે ત્રણ બહેનો રાતની ટ્રેનથી નીકળી વહેલી સવારે રાજકોટ પહોંચ્યા ટાંગામાં નિવાસ સ્થાને જતાં રસ્તામાં એક ભાઈ દ્વારા જાણવા મળ્યું કે ભગવાન તો આશ્રમમાં બિરાજે છે તેથી સીધા આશ્રમે ગયા. ભગવાનના દ્વાર બંધ હતા. સ્નાન કરી દરવાજા પાસે બેઠી હતી. લાગવગથી પાછલા દરવાજેથી ઘણાં લોકો અંદર જતા હતા તે ખબર નહોતી. સાત વાગ્યે દરવાજે ખુલતાં દર્શન થયા અને ભગવાનના ચહેરા પર નારાજગી જણાઈ. કારણ કારણ તો બહુ મોડું જાણવા મળ્યું કે તેમણે એક ભાઈને મારા નિવાસ સ્થાને મને બોલાવવા મોકલ્યા હશે એ વાતની મને ખબર નહોતી કારણ અમે સ્ટેશનથી સીધા આશ્રમે જ ગયેલા. ત્યાં જઈને પણ હું બહાર બેસી રહી તેથી ભગવાનને લાગ્યું અહીં આવી ગયા છતાં મારી પાસે ન આવી અને બહાર બેસી રહી. ભગવાન મારા માટે જ રાજકોટ આશ્રમમાં શિકાયેલા તે બાબત હું અજાણી હતી. વીરપુર પધારતાં હોવાથી ગાડીમાં બેસ કડક અવાજે કહ્યું, “મન માને તબ જયપુર ચલી જાના.” આવું વર્તન જોઈ દુઃખમાં વધારે થે કે શું કારણ છે કે આ વખતે વીરપુર આવી ત્યારથી ભગવાનની પ્રસન્નતા જોવા મળતી નથી. જાણે કે મારૂં જ મન જવાબ

## મેદસ્વીતા (વધુ વજન) અને ડાયાબીટીઝ માટે ખોરાક કસરતની માહિતી

### શરીર માં કેવી સ્થીતીમાં કેટલી કેલરી વપરાય

| ક્રમ | ઉંચાઈ (સેમી) | સાંકડો બાંધો વજન (કિ.ગ્રા.) | મધ્યમ બાંધો વજન (કિ.ગ્રા.) | પહોળો બાંધો વજન (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|
| ૧ | ૧૪૭ | ૪૨ થી ૪૪.૫ | ૪૩.૫ થી ૪૮.૫ | ૪૭ થી ૫૪ |
| ૨ | ૧૫૦ | ૪૨.૫ થી ૪૬ | ૪૪.૫ થી ૫૦ | ૪૮ થી ૫૫ |
| ૩ | ૧૫૨ | ૪૩.૫ થી ૪૭ | ૪૬ થી ૫૧ | ૪૯.૫ થી ૫૬.૫ |
| ૪ | ૧૫૫ | ૪૫ થી ૪૮.૫ | ૪૭ થી ૫૨.૫ | ૫૧ થી ૫૮ |
| ૫ | ૧૫૮ | ૪૬.૫ થી ૫૦ | ૪૮.૫ થી ૫૪ | ૫૨ થી ૫૯.૫ |
| ૬ | ૧૬૦ | ૪૭.૫ થી ૫૧ | ૫૦ થી ૫૫ | ૫૩.૫ થી ૬૧ |
| ૭ | ૧૬૩ | ૪૯ થી ૫૨.૫ | ૫૧ થી ૫૭ | ૫૫ થી ૬૨ |
| ૮ | ૧૬૫ | ૫૦.૫ થી ૫૪ | ૫૨.૫ થી ૫૮.૫ | ૫૭ થી ૬૪.૫ |
| ૯ | ૧૬૮ | ૫૨ થી ૫૬ | ૫૪.૫ થી ૬૧ | ૫૮.૫ થી ૬૬ |
| ૧૦ | ૧૭૦ | ૫૩.૫ થી ૫૭.૫ | ૫૬ થી ૬૩ | ૬૦ થી ૬૮ |
| ૧૧ | ૧૭૩ | ૫૫ થી ૫૯.૫ | ૫૮ થી ૬૫ | ૬૨ થી ૭૦ |
| ૧૨ | ૧૭૫ | ૫૭ થી ૬૧ | ૬૦ થી ૬૬.૫ | ૬૪ થી ૭૧.૫ |
| ૧૩ | ૧૭૮ | ૫૮.૫ થી ૬૩.૫ | ૬૨ થી ૬૮.૫ | ૬૬ થી ૭૪ |
| ૧૪ | ૧૮૦ | ૬૧ થી ૬૫ | ૬૩.૫ થી ૭૦ | ૬૭.૫ થી ૭૬ |
| ૧૫ | ૧૮૩ | ૬૩ થી ૬૭ | ૬૫ થી ૭૨ ૬૯. | ૫ થી ૭૮.૫ |

### ૨૫ વર્ષ અથવા તેનાથી વધુ વયના પુરૂષોનું આદર્શ વજન

| ક્રમ | ઉંચાઈ (સેમી) | સાંકડો બાંધો વજન (કિ.ગ્રા.) | મધ્યમ બાંધો વજન (કિ.ગ્રા.) | પહોળો બાંધો વજન (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|
| ૧ | ૧૫૮ | ૫૦.૫ થી ૫૪.૫ | ૫૩.૫ થી ૫૮.૫ | ૫૭ થી ૬૪ |
| ૨ | ૧૬૦ | ૫૨ થી ૫૬ | ૫૫થી ૬૧ | ૫૮.૫ થી ૬૫ |
| ૩ | ૧૬૩ | ૫૩.૫ થી ૫૭ | ૫૬ થી ૬૨ | ૬૦ થી ૬૭ |
| ૪ | ૧૬૫ | ૫૬ થી ૬૦ | ૫૭.૫ થી ૬૩ | ૬૧ થી ૬૯ |
| ૫ | ૧૬૮ | ૫૬ થી ૬૦ | ૫૮.૫ થી ૬૫ | ૬૨.૫ થી ૭૧ |
| ૬ | ૧૭૦ | ૫૮ થી ૬૨ | ૬૦ થી ૬૬.૫ | ૬૪.૫ થી ૭૩ |
| ૭ | ૧૭૩ | ૬૦ થી ૬૪ | ૬૨.૫ થી ૬૯ | ૬૬.૫ થી ૭૫ |
| ૮ | ૧૭૫ | ૬૨ થી ૬૬ | ૬૪.૫ થી ૭૧ | ૬૮.૫ થી ૭૭ |
| ૯ | ૧૭૮ | ૬૩.૫ થી ૬૮ | ૬૬ થી ૭૨.૫ | ૭૦ થી ૭૯ |
| ૧૦ | ૧૮૦ | ૬૫ થી ૭૦ | ૬૮ થી ૭૫ | ૭૨ થી ૮૧ |
| ૧૧ | ૧૮૩ | ૬૭ થી ૭૧.૫ | ૭૦ થી ૭૭ | ૭૧ થી ૮૩.૫ |
| ૧૨ | ૧૮૫ | ૬૯ થી ૭૩.૫ | ૭૧.૫ થી ૭૯ | ૭૬ થી ૮૫.૫ |
| ૧૩ | ૧૮૮ | ૭૧ થી ૭૬ | ૭૩.૫ થી ૮૧.૫ | ૭૮.૫ થી ૮૮ |
| ૧૪ | ૧૯૦ | ૭૨.૫ થી ૭૫.૫ | ૭૬ થી ૮૪ | ૮૦.૫ થી ૯૦.૫ |
| ૧૫ | ૧૯૩ | ૭૪ થી ૭૯ | ૭૮ થી ૮૬ | ૮૨.૫ થી ૯૨.૫ |

# *।। મધુમેહ મુક્ત ભારત – (૬) ।।*




### શરીરમાં કેવી સ્થીતિમાં કેટલી કેલરી વપરાય

| | | | |
|---|---|---|---|
| આરામથી પડ્યા રહેતા | ૫૬ કેલરી/ક્લાક | જમીન પર પોતું મારતા | ૧૨૨ કેલરી/ક્લાક |
| શાંતી થી બેસતા | ૭૨ કેલરી/ક્લાક | ૩.૫ કિ.મી.ઝડપે ચાલતા | ૧૪૫ કેલરી/ક્લાક |
| ઝડપથી ટાઈપ કરતા | ૧૦૨ કેલરી/ક્લાક | ૫ કિ.મી. ઝડપે ચાલતા | ૨૬૭ કેલરી/ક્લાક |
| વાસણ સાફ કરતા | ૧૦૪ કેલરી/ક્લાક | સ્વીમીંગ કરતા | ૩૬૨ કેલરી/ક્લાક |

### રોજ કેટલી કેલરી ખોરાક લેવો જોઈએ

| બાંધો | બેઠાડુવ્યક્તિ | સામાન્ય શ્રમ કરતી વ્યક્તિ | અતિશય શ્રમ કરતી વ્યક્તિ |
|---|---|---|---|
| સ્થુળ | ૨૦–૨૫ કેલરી×આદર્શ વજન | ૩૦ કેલરી×આદર્શ વજન | ૩૫ કેલરી × આદર્શ વજન |
| મધ્યમ | ૩૦ કેલરી×આદર્શ વજન | ૩૫ કેલરી×આદર્શ વજન | ૪૦ કેલરી × આદર્શ વજન |
| પાતળો | ૨૦–૨૫ કેલરી×આદર્શ વજન | ૪૦ કેલરી×આદર્શ વજન | ૪૫ કેલરી × આદર્શ વજન |

આપણે ખોરાકમાં ખાંડ, મીઠું, તેલ અને મરચું આપણી દૈનીક જરૂરીયાતથી વધારે જ ખાઈએ છીએ પરીણામે ડાયાબીટીસ, હાઈપરટેન્શન, ઓબેસીટી, કોલેસ્ટેરોલ, પાચન તંત્રના રોગો અને ચામડીના રોગો ખુબ જોવા મળે છે આ રોગોથી બચવા એક અનુભુત પ્રયોગ બતાવુ છુ જેનો નિયમીત ઉપયોગ કરવાથી આ બધા જ રોગોથી બચી શકાય છે. આ પ્રયોગ કરવાથી મહીને એવરેજ બે થી અઢી કીલો જેટલું વજન પણ ઉતરશે.

જો આપ સંપુર્ણપણે સ્વસ્થ હો તો અઠવાડીયામાં એક દીવસ અને જો આપને ઉપરોક્ત કોઈરોગ હોય તો બે દીવસ સંપુર્ણપણે મીઠું, ખાંડ, તેલ અને મરચા વગરનો ખોરાક લો.

આ માટે શુક્રવારે રાત્રે સ્વાદીષ્ઠ વિરેચન, પંચસકાર ચુર્ણ કે એરંડ ભ્રષ્ટ હરડે ચુર્ણમાંથી કોઈપણ એક ચુર્ણ દોઢ ચમચી સુતી વખતે નવશેકા પાણી સાથે લો, બીજે દીવસે એકદમ ખુલાસાથી પેટ સાફ આવશે. બીજા દીવસે શનીવારે તમારે ખાંડ, મીઠું, તેલ અને મરચા વગરનું આખો દિવસ જમવામાં લેવાનુંછે જે નીચે મુજબ લો આ મુજબ લેવાથી તમારા શરીરમાં ખોરાકનું બેલેન્સ થશે.

‘સવારે નાસ્તામાં તમે ચા પીતા હો તો મસાલા વાળી (તુલસી, ફોદીનો, આદુ) એક કપ મોળી ચા, સાથે ગરમ ૨ રોટલી લેવી

‘૧૦ વાગ્યે એક ગ્લાસ પાણીમાં એક લીંબુ નિચોવી પીવું, તેમા ફોદીનો અને આદુ પણ ઉમેરી શકાય

‘બપોરે જમવામાં ૨ ગરમ રોટલી સાથે ફણગાવેલા મગ + ચણા જેમાં દાડમ અને સફરજનના પીસ ઉમેરવા, સાથે એક ડીસ ગીન સલાડ જેમાં ગાજર અને બીટ લેવા, સાથે સવારે તાજુ મેળવેલુ દહીં એક વાટકો અથવા છાશ લઈ શકાય.

‘બપોરે ૪ વાગ્યે સીઝનલ ફ્રુટ એક ડીશ લેવું, ડ્રાયફ્રુટ પણ ૫૦ ગ્રામ લઈ શકાય.

‘સાંજે ૭–૩૦ સુધીમાં જમી લેવું જેમા ૨ રોટલી અને એક વાટકી દુધ અથવા મોળી છાશ લેવા બેઠાડું વ્યક્તિ માટે ખોરાક (આશરે ૧૨૦૦ થી ૧૫૦૦ કેલરી રોજ)

**‘સવારે નાસ્તો :** ઘરનો બાનવેલો એક ખાખરો અથવા એક નાની જાડા લોટની ઓછા મોણ વાળી ભાખરી સાથે ૧ કપ દુધ અથવા ચા

**‘બપોરે જમવામાં :** ૨ ફુલકા રોટલી, ૧ વાટકી દાળ, ૨ ચમચા ભાત, ૧ વાટકી ફણગાવેલાકઠોળ, ૧ વાટકી ગીન સલાડ, ૧ વાટકી છાશ

**‘બપોરે :** એક કપ ચા, ઋતુ મુજબના ફ્રુટ

**‘સાંજે જમવામા :** ૨ ફુલકા રોટલી અથવા એક ભાખરી અથવા અડધો બાજરીનો રોટલો, ૧વાટકી શાક, ૧ વાટકી ગાયનું દુધ સામાન્ય કામ કરતી વ્યક્તિ માટે ખોરાક (આશરે ૧૭૦૦ થી ૨૦૦૦ કેલરી રોજ)

**‘સવારે નાસ્તો :** ઘરનો બાનવેલા ૨ ખાખરા અથવા એક નાની જાડા લોટની ઓછા મોણ વાળી ભાખરી સાથે ૧ કપ દુધ અથવા ચા

**‘બપોરે જમવામાં :** ૩ ફુલકા રોટલી, ૧ વાટકી દાળ, ૨ ચમચા ભાત, ૧ વાટકી ફણગાવેલા કઠોળ, ૧ વાટકી ગીન સલાડ, ૧ વાટકી છાશ

**‘બપોરે :** એક કપ ચા, ઋતુ મુજબ ના ફ્રુટ,

**સાંજે જમવામા :** ૩ ફુલકા રોટલી અથવા એક ભાખરી અથવા અડધો બાજરીનો રોટલો, ૧ વાટકી શાક, ૧ વાટકી ગાયનું દુધ

સખત પરિશ્રમ કરતી વ્યક્તિ માટે ખોરાક (આશરે ૨૫૦૦ કેલરી રોજ)

**સવારે નાસ્તો :** ઘરનો બાનવેલા ત્રણ ખાખરા અથવા બે નાની જાડા લોટની ઓછા મોણ વાળી ભાખરી સાથે ૧ કપ દુધ અથવા ચા

**‘બપોરે જમવામાં :** ૪ ફુલકા રોટલી, ૨ વાટકી દાળ, ૩ ચમચા ભાત, ૧ વાટકી ફણગાવેલા કઠોળ, ૧વાટકી ગીન સલાડ, ૧ વાટકી છાશ

**‘બપોરે :** એક કપ ચા, ઋતુ મુજબના ફ્રુટ

**સાંજે જમવામા :** ૪ ફુલકા રોટલી અથવા ૨ ભાખરી અથવા ૧ બાજરીનો રોટલો, ૧ વાટકી શાક, ૧ વાટકી ગાયનું દુધ

**કસરત :– સોમવાર થી શુક્રવાર રોજ દોઢ કલાક**

‘કસરત શરૂ કરતા પહેલા ૫–૧૦ મિનિટની સ્નાયુઓ અને સાંધાઓને હળવું ખેચાણ આપતી વોર્મ અપ કસરત કરી લેવી

‘પાણી, લીંબુ સરબત કે ગ્લુકોઝના પાણી સાથે રાખવું અને વચ્ચે – વચ્ચે પીતા રહેવુ, ‘નેપકીન સાથે રાખવું, પરસેવો થાય તેને લુછતો રહેવો, ‘રોજ પાંચ કિ.મી.(૧ કલાક ) નિયમીત ચાલવાનું રાખો, શકય હોય તો સવારે ખાલી પેટે ચાલો, જો તમે નોકરી – ધંધાને લીધે સવારે ટાઈમનો આપી શકતા હો તો સાંજે કે રાત્રે જમી ને પણ ચાલી શકાય, ખાલી પેટ હોય ત્યારે ઝડપથી ચાલી શકાય, જમ્યા બાદ ધીમે ચાલવું. હાઈપરટેન્શન કે હૃદયની બીજી કોઈ તકલીફ હોય તો ધીમે ચાલવુ. જે લોકો ને વજન ઘટાડવાની જરૂર છે તેવા ડાયાબીટીસના દર્દીએ પાંચ કી.મી.ની ઝડપે ચાલવુ(૫ કી.મી. ઝડપે ચાલતા ૨૬૭ કેલરી / કલાક બળે છે)

**‘યોગાસન :** (રોજ ૧૦ મીનીટ) યોગાસનથી ઈન્સ્યુલીન ઉત્પન્ન કરતા કોષોને કાર્યરત કરી, શર્કરાનું પાચન કરવામાં મદદરૂપ થાય છે. ડાયાબીટીસના દર્દીમાં સાંધા જકડાઈ જવાની અને આળસની ખુબ ફરીયાદ રહે છે, યોગાસન નિયમીત કરવાથી શરીર લચીલું અને સ્ફુર્તીલું બને છે ડાયાબીટીસના દર્દીએ અર્ધમત્સ્યેન્દ્રાસન, પશ્વીમોતાસન, સર્પાસન, ધનુરાસન, પવનમુક્તાસન, ત્રિકોણાસન, મંડુકાસન અને નૌકાસન આ આઠઆસનો નિયમીત કરવા ખુબ જરૂરી છે.

**‘પ્રાણાયામ :** (રોજ ૧૦ મીનીટ) ડાયાબીટીસના દર્દીઓ માટે પ્રાણાયામ ખુબ ઉપયોગી છે, ખાસ કરીને કપાલભાતી પ્રાણાયામ નિયમીત કરવાથી સ્વાદુપીંડની કાર્યક્ષમતા વધે છે અને તેને લીધે ઈન્સ્યુલીનની અસરકારકતા વધતા ખુબ ફાયદો થાય છે. આ ઉપરાંત અનુલોમ – વિલોમ પ્રાણાયામ પણ ખુબ ઉપયોગી છે, જે ડાયાબીટીસના દર્દીને વજન ઘટાડવાની જરૂર છે તેવા દર્દીઓ માટે સુર્યભેદી પ્રાણાયામ ખુબ જરૂરી છે.

**‘ધ્યાન :** (રોજ ૧૦ મીનીટ) ડાયાબીટીસ થવાનુ એક મુખ્ય કારણ તાણ અને અતીવિચાર છે આ તાણ અને અતી વિચાર ઓછા કરવા અને શરીરમાં સારા હોર્મોન (એન્ડોરફીલ)નું પ્રમાણ વધારવા નિયમીત ધ્યાન કરવાની જરૂર છે. અમેરીકા અને યુરોપના દેશોમાં ધ્યાન અને પ્રાર્થનાથી લાઈફસ્ટાઈલ રોગ ઉપર નિયંત્રણ કરવાના કિલનિકો ચાલે છે.

શનીવાર અને રવીવાર માટે વિકેન્ડના આ બે દીવસોમાં રીલેક્ષ મૂડમાં પરીવાર – મિત્રો સાથે ટાઈમ વિતાવો અને શકય હોય તો કુદરતી વાતાવરણ વાળી જગ્યાએ જાવ જયા સાયકલીંગ(૧૦ થી ૧૫ કિ.મી.), સુર્યનમસ્કાર અને રમત – ગમત, બેડમિંટન, ટેબલ ટેનીસ, ક્રિકેટ, વોલીબોલ અને ફુટબોલ જેવી વિવિધ રમતો ૧ થી ૨ કલાક રમવી અને આખા અઠવાડીયાનો થાક ઉતારવા, શરીર અને મનને રીલેક્ષ કરવા માથા સહીત આખા શરીરેતલ તેલનું માલીશ કરવું.

# ૩ મે : માહિતીના મહાસાગરમાં ‘મૌલિકતા’ નો ટાપુ શોધવાનો પ્રયાસ






આજે રવિવારે ૩ મે એટલે કે ‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ’ સામાન્ય રીતે આપણને લાગે કે આ વિષય તો માત્ર પત્રકારો કે ન્યૂઝ ચેનલો માટે છે, આપણે એની સાથે શું લેવા – દેવા ? પણ સાહેબ, આજે જયારે આપણા દરેકના ખિસ્સામાં સ્માર્ટફોન છે, ત્યારે આપણે સૌ એક ‘ચાલતા – ફરતા મીડિયા હાઉસ’ છીએ. આપણે જે વાંચીએ છીએ, જે માનીએ છીએ અને જે ‘ફોરવર્ડ’ કરીએ છીએ, એ જ નક્કી કરે છે કે આપણું મન કેટલું આઝાદ છે. ડેટાનો ધોધ અને ‘ વોટસએપ યુનિવર્સિટી આજે આપણે ઈન્ડસ્ટ્રી ૪.૦ ના યુગમાં જીવી રહ્યા છીએ. ડેટાને ‘નવું તેલ’ (New Oil) કહેવામાં આવે છે. પણ શું તમે નોંધ્યું છે કે આ ડેટાના ધોધમાં આપણી પોતાની વિચારશક્તિ કયાંક વહી ગઈ છે ? સવારના પાંચ વાગ્યાથી જ ‘વોટસએપ યુનિવર્સિટી’ ના એવા – એવા સમાચાર પીરસવામાં આવે છે કે જે વાંચીને મગજમાં ‘બફરિંગ’ થવા લાગે !

આપણે એવા યુગમાં છીએ જયાં સત્ય શોધવા માટે ગૂગલ કરવું પડે છે, પણ અફવાઓ તો હવાની ઝડપે આપણા ઘર સુધી પહોંચી જાય છે. ઘણીવાર આપણી હાલત બોલિવૂડ ફિલ્મ પીપ્લી લાઈવ’ ના નાથુ જેવી। થઈ જાય છે, જયાં અસલી મુદ્દો કયાંક ખોવાઈ જાય છે અને આસપાસ માત્ર તમાશો અને ‘બ્રેકિંગ ન્યૂઝ’ જ બાકી રહે છે.**અલ્ગોરિધમની જેલ અને આઝાદીનો ભ્રમ :** આપણને લાગે છે કે આપણે સોશિયલ મીડિયા પર જે જોઈએ છીએ તે આપણી પસંદગી છે. પણ હકીકતમાં, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને અલ્ગોરિધમ આપણને એ જ બતાવે છે જે આપણને ગમે છે. આને મનોવિજ્ઞાનમાં ‘ઈકો ચેમ્બર’ કહેવાય છે. જો તમને કોઈ ખાસ વિચારધારા ગમતી હશે, તો તમારો ફોન તમને એના જ સમર્થનમાં પુરાવા આપ્યા કરશે. પરિણામે, આપણી બીજા પક્ષને સાંભળવાની કે સમજવાની ક્ષમતા ઘટતી જાય છે.

આપણે ‘સ્માર્ટફોન’ વાપરીએ છીએ, પણ શું આપણે ‘ સ્માર્ટલી’ વિચારીએ છીએ ? સાચી આઝાદીએ નથી કે તમે શું બોલી શકો છો, પણ સાચી આઝાદી એ છે કે તમે પૂર્વગ્રહ વગર શું વિચારી શકો છો.

આ રવિવારે તમારા વિચારોને ‘ આઝાદ’ કરવાના ૫ સ્ટેપ્સ :

**૧. માહિતીનું ‘ડિજિટલ ડેટોકસ’ :** દિવસમાં એક કલાક એવો રાખો જયાં કોઈ સમાચાર કે નોટિફિકેશન ન હોય. માત્ર મેન અને આત્મચિંતન.

**૨. વિરોધી વિચારને સ્થાન આપો :** માત્ર તમને ગમતું જ ન વાંચો. જે લોકો તમારા કરતા અલગ વિચારે છે તેમને પણ સાંભળો. સંવાદથી જ સમજણ વધે છે.

**૩. સત્યની કસોટી :** *કોઈ પણ મેસેજ ફોરવર્ડ કરતા પહેલા તેને ત્રણ ફિલ્ટરઆપો : શું આ સાચું છે ? શું આ જરૂરી છે ? શું આનાથી કોઈનું ભલું થશે ?

**૪. મૌલિકતા જાળવો :** એઆઈ (AI) ગમે તેટલા લખાણ લખી આપશે, પણ તમારી સંવેદના, તમારો પિતા તરીકેનો અનુભવ અને તમારી જીવનની શીખ કોઈ મશીન કોપી નહીં કરી શકે.

**૫. વિવેકબુદ્ધિનો ઉપયોગ :** માહિતીના મહાસાગરમાં ડૂબવાને બદલે, તેમાંથી જ્ઞાનના મોતી શોધતા શીખો. જિંદગીની આ ભાગદોડમાં આપણે ઘણું બધું મેળવવાની લ્હાયમાં આપણી વૈચારિક મેલિકતા ગુમાવી રહ્યા છીએ. આ રવિવારે, જરા થોભીને તમારી જાતને પૂછજો ‘છેલ્લે મેં કોઈ પણ દબાણ વગર મારૂં પોતાનું મૌલિક શું વિચાર્યું હતું ? ‘છેલ્લે, આ વૈચારિક આઝાદી વિશે આટલું જ : ‘માહિતીનો ભાર તો ગધેડો પણ ઉંચકી શકે સાહેબ, પણ એમાંથી સત્ય તારવી શકે એ જ સાચો સૂત્રધાર ! ‘ આ રવિવારે, ફોન સાઈડમાં મૂકો અને તમારી આઝાદીનો ખરો આનંદ માણો !

**તસવીર સૌજન્ય :– સાર્થક મહેતા**

# *શિક્ષણ એ નોકરી મેળવવાનું સાધન નહી, પણ ગુલામીની સાંકળો તોડવાનું અમોઘ શસ્ત્ર છે*

શ્રી કાંતિલાલ પરમાર
સામાજિક કાર્યકર્તા
મો. [illegible]

ભારતમાં સદીઓ સુધી શિક્ષણને અમુક વર્ગો સુધી સીમિત રાખીને બહુજન સમાજ અને સામાન્ય જનતાને અજ્ઞાનતાનાં અંધકારમાં રાખવામાં આવી હતી. આ અસમાનતા જ તમામ શોષણનું મૂળ છે. શિક્ષણ એ કોઈનો વિશેષાધિકાર નથી. પરંતુ દરેક ભારતીયનો જન્મસિદ્ધ અધિકાર છે. તેમ જાણીતા સામાજિક કાર્યકર અને માનવ અધિકાર અગ્રણી કાંતિલાલ પરમારે જણાવ્યું હતું.

તાજેતરમાં સામાજિક જાગૃતિ અભિયાન અંતર્ગત શિક્ષણના મહત્વ પર ભાર મુકતા પરમારે જણાવ્યું હતું કે, શિક્ષણ માત્ર પુસ્તકો કે ડિગ્રી પુરતું સીમિત નથી. કોલંબિયા યુનિવર્સિટી જેવા વૈશ્વિક શિક્ષણ ધામોનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યુ કે, 'સાચું શિક્ષણ એ છે જે માણસને વિચારવાની ક્ષમતા આપે અને અન્યાય સામે સવાલ પુછવાની હિંમત આપે. અમેરિકા જેવા દેશોમાં શિક્ષણનો સમાન અધિકાર પ્રગતિનો પાયો બન્યો છે. જે ભારતે પણ સ્વીકારવો પડશે. સરકારની જવાબદારી અને લોકશાહી પરમારે સરકારની જવાબદરી પ્રત્યે આક્રોશ વ્યકત કરતા જણાવ્યું કે, લોકશાહીમાં શિક્ષણ અને સમાનતા એ સરકારની મહેરબાની નથી પણ બંધારણીય ફરજ છે. જયાં સુધી દરેક ભારતીય સમાન અને ગુણવતાયુકત શિક્ષણ નહી મેળવે, ત્યાં સુધી સાચી લોકશાહી સ્થાપિત થઈ શકશે નહી.

જનતાને આહ્વાન : આ તકે તેમણે ડો.બાબાસાહેબ આંબેકડરના ત્રિપુટી મંત્રને દોહરાવતા સમાજને હાંકલ કરી હતી કે : **શિક્ષિત બનો :** અજ્ઞાનતાની બેડીઓ તોડો. **સંગઠીત બનો :** અન્યાય સામે એક અવાજે લડો. **સંઘર્ષ કરો :** તમારા આત્મસન્માન અને હક માટે મેદાનમાં આવો.

તેમણે અંતમાં ઉમેર્યુ હતું કે, જે દિવસે સમાજનો છેવાડાનો માણસ શિક્ષિત થઈને પોતાનાં અધિકારો માટે સવાલ પુછતો થશે, તે દિવસે જ દેશમાં સાચી સમાનતા આવશે. આ સામાજિક પરિવર્તનની લડાઈમાં સૌએ જોડાવવું અનિવાર્ય છે.

## ૧૫ વર્ષ બાદ ચૂંટણી જંગ ઉતર્યા અને થયા વિજેતા

# બાબરાનાં વોર્ડ-૪માં બ્રહ્મ સમાજનાં અગ્રણી મયુરભાઈ રાવળનો વિજય

### ભાજપે વિશ્વાસ કરી ઉમેદવાર બનાવ્યા અને પરિણામ મળ્યુ

બાબરા, તા. ૨

બાબરા નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૪માં ભાજપના ઉમેદવાર તેમજ બ્રહ્મસમાજના અગ્રણી મયુરભાઈ રાવળે ભવ્ય જીત મેળવી રાજકીય વર્તુળોમાં ખાસ ચર્ચા જગાવી છે. અંદાજે દોઢ દાયકા બાદ ભાજપે ફરી એક વખત મયુરભાઈ રાવળ પર વિાસ મૂકી ટિકિટ આપતાં તેમણે ૨૦૦થી વધુ મતની લીડ સાથે વિજય હાંસલ કરી પક્ષનો વિાસ સાર્થક કર્યો છે. માહિતી મુજબ આશરે ૧૫વર્ષ પહેલાં પણ ભાજપ દ્વારા મયુરભાઈ રાવળને ઉમેદવારી આપવામાં આવી હતી, પરંતુ તે સમયે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ પણ તેમણે પક્ષ પ્રત્યે અખંડ નિષ્ઠા રાખી શહેર ભાજપ સંગઠનમાં



મહામંત્રી તરીકે સતત સેવા આપી હતી. વર્ષો સુધી સંગઠન મજબૂત બનાવવા કરેલી મહેનત અને વફાદારીનો આજે જીત રૂપે પ્રતિફળ મળ્યો હોવાનું રાજકીય જાણકારો માની રહ્યા છે.

તેઓ પોતાના સરળ, મિલનસાર અને સેવાભાવી સ્વભાવને કારણે વોર્ડ નંબર ૪ના લોકોમાં લોકપ્રિય રહ્યા છે. વિસ્તારના નાગરિકો સાથે સતત જીવંત સંપર્ક, સામાજિક પ્રસંગોમાં સક્રિય હાજરી તથા લોકોના પ્રશ્નો પ્રત્યેની સંવેદનશીલતા તેમને મતદારો સુધી નજીક લાવવામાં સફળ રહી હતી. જેના પરિણામે મતદાતાઓએ તેમને ભારે બહુમતીથી જીત અપાવી વિાસ વ્યકત કર્યો છે.

તેમની ભવ્ય જીત બાદ બ્રહ્મસમાજના અગ્રણીઓ, ભાજપના કાર્યકરો તેમજ શુભેચ્છકોએ આનંદ વ્યકત કરી મયુરભાઈ રાવળને અભિનંદન પાઠવ્યા હતા. વોર્ડના વિકાસ માટે હવે નવી આશાઓ સાથે લોકો તેમની તરફ નજર મંડાઈ રહ્યા છે.

## જિલ્લાનાં અગ્રણી ભૂપેન્દ્ર બસિયાનો દબદબો


# બાબરા : પાલિકાનાં વોર્ડ નં. ૩માં બસિયા પરિવારનો દબદબો યથાવત

### રાજેશ્વરીબેન બસિયા ૧૫૦થી વધુ મતોથી વિજેતા

બાબરા, તા. ૨

બાબરા નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નંબર ૩માં ભાજપના સિનિયર અગ્રણી ભુપતભાઈ બસિયા પરિવારનો પ્રભાવ અને દબદબો ફરી એકવાર યથાવત રહ્યો છે. પરિવાર તરફથી ઉમેદવાર બનેલા રાજેરીબેન બસિયાએ ૧૫૦થી વધુ મતોથી ભવ્ય વિજય મેળવી વોર્ડ વિસ્તારમાં પરિવારની લોકપ્રિયતા સાબિત કરી છે.

વોર્ડ નંબર ૩ વિસ્તારમાં વર્ષોથી લોકો વચ્ચે રહી સેવા, મુશ્કેલીના સમયે અડધી રાતે પણ હાજર રહેવા અને લોકોના હામભર્યા આગેવાન તરીકે ભુપતભાઈ બસિયાની આગવી ઓળખ છે. તેઓ અગાઉ આ જ વોર્ડમાંથી બે ટર્મ સુધી ભવ્ય વિજય મેળવી લોકસેવામાં સક્રિય રહ્યા હતા. જેના કારણે વિસ્તારમાં આજે પણ તેમના પરિવાર પ્રત્યે વિશેષ વિાસ અને સન્માન જોવા મળે છે.



આ વખતે ભાજપ દ્વારા તેમના પરિવારના જયરાજભાઈ બસિયાના ધર્મપત્ની રાજેરીબેન બસિયાને ઉમેદવાર બનાવતાં વોર્ડમાં જંગી ચૂંટણીજંગ જામ્યો હતો. ચૂંટણી દરમિયાન મતદાતાઓએ વિકાસ, સેવાભાવ અને વિાસને પ્રાધાન્ય આપતાં રાજેરીબેન બસિયાને જંગી સમર્થન આપ્યું હતું.

પરિણામ જાહેર થતાં જ બસિયા પરિવારના સમર્થકો, કાર્યકર્તાઓ અને શુભેચ્છકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. વિજયોત્સવ સાથે શુભેચ્છાઓનો ધસારો જોવા મળ્યો હતો. આ જીત સાથે બાબરા નગરપાલિકાના વોર્ડ નંબર ૩માં બસિયા પરિવારનો દબદબો ફરી એકવાર યથાવત રહ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

## પુનમબેન અંકુરભાઈ જસાણીનો ભવ્ય વિજય

# બાબરા : વોર્ડ નં. ૪માં પાલીકાનાં પૂર્વ પ્રમુખનાં ધર્મપત્નીનો શાનદાર વિજય

### વોર્ડ નં. ૪માં જસાણી પરિવારની લોકપ્રિયતા

બાબરા, તા. ૨

બાબરા નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૪ માં પાલિકા પૂર્વ પ્રમુખ તથા શહેરના જાણીતા વેપારી અગ્રણી અંકુરભાઈ જસાણીના ધર્મપત્ની પૂનમબેન જસાણીએ શાનદાર અને નોંધપાત્ર વિજય પ્રાપ્ત કરતાં સમર્થકોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. શહેરના વેપારીવર્ગ અને શિક્ષિત મતદારોના વિાસને ફરી એકવાર મજબૂત પ્રતિસાદ મળ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

વોર્ડ નંબર ૪ બાબરા શહેરનો વેપારીઓનો પ્રભાવશાળી વિસ્તાર તરીકે ઓળખાય છે, જયાં મોટા પ્રમાણમાં વેપારીઓ, ઉદ્યોગકારો તેમજ શિક્ષિત વર્ગના લોકો વસવાટ કરે છે. આવા મહત્વના વિસ્તારમાં સતત લોકસંપર્ક, સેવાભાવ અને વિકાસલક્ષી કાર્યના આધારે જસાણી પરિવાર દોઢ દાયકાથી પોતાનું પ્રભુત્વ જાળવી રાખવામાં સફળ રહ્યો છે.

અંકુરભાઈ જસાણીએ છેલ્લા ત્રણ ટર્મથી ભાજપ તરફથી આ વોર્ડમાં ચૂંટણી મેદાન સંભાળ્યું છે. પ્રથમ ચૂંટણીમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ ત્યારબાદ બીજી ટર્મમાં ભવ્ય જીત મેળવી લોકવિાસ જીત્યો હતો. હવે ત્રીજી વખત તેમના ધર્મપત્ની પૂનમબેન જસાણીએ ચૂંટણી લડી શાનદાર જીત મેળવી પરિવારની લોકપ્રિયતા અને સંગઠનની મજબૂતાઈ સાબિત કરી છે.

પૂનમબેન જસાણીની જીતને વેપારી સમાજ, યુવાનો અને મહિલાઓ તરફથી વિશાળ સમર્થન મળ્યું હોવાનું માનવામાં આવે છે.




પરિણામ જાહેર થતાં જ સમર્થકો દ્વારા વધામણી, મીઠાઈ વિતરણ અને શુભેચ્છાઓનો વરસાદ શરૂ થયો હતો.

આ વિજયથી સ્પષ્ટ થયું છે કે બાબરા વોર્ડ નંબર ૪માં જસાણી પરિવાર પ્રત્યે લોકોનો વિાસ આજે પણ અડગ છે અને વિકાસના મુદ્દે મતદારો ફરી એકવાર તેમની સાથે ઉભા રહ્યા છે.

## ધારાસભ્ય મહેશ કસવાલાની અધ્યક્ષતામાં

# સાવરકુંડલામાં ''અટલધારા'' કાર્યાલય ખાતે શહેરનાં વિકાસ કાર્યો અંગે બેઠક યોજાઈ

### વિકાસકાર્યોમાં ગુણવત્તા જાળવવા કડક સુચનાઓ અપાઈ



સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારના વિકાસ કાર્યો અંગે અટલ ધારા કાર્યાલય ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ.

સાવરકુંડલા સ્થિત કાર્યાલય અટલ ધારા કાર્યાલય ખાતે આજ રોજ સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટોને લઈને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સંબંધિત વિભાગોના અધિકારીઓ તેમજ સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન નગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલા રોડ, પાણી, નિકાસ, સ્વચ્છતા સહિતના વિવિધ વિકાસ કાર્યોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

ધારાસભ્યએ તમામ પ્રોજેક્ટોની પ્રગતિ અંગે માહિતી મેળવી અને જયાં જરૂરી હોય ત્યાં કામગીરીમાં ઝડપ લાવવા અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું. તેમણે જનહિતના કાર્યોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા તેમજ દરેક યોજના સમયસર પૂર્ણ થાય તે માટે અધિકારીઓને દિશાનિર્દેશ આપ્યા.


તેમણે ખાસ ભાર મુક્યો કે વિકાસ કાર્યોમાં કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં નહીં આવે અને તમામ કામોમાં પારદર્શિતા તથા ગુણવત્તાનો ખાસ ખ્યાલ રાખવો જરૂરી છે. સાથે જ પ્રજાજનોને લાભ મળે તે માટે કાર્યક્ષમતાપૂર્વક કામગીરી કરવા સૂચના આપી હતી.

આ બેઠક દ્વારા સાવરકુંડલા શહેરના સર્વાંગી વિકાસને વધુ ગતિ મળે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી.

# ૦૩ મે, વિશ્વ હાસ્ય દિવસ, હાસ્ય થેરાપી અપનાવવી, હાસ્ય એ સસ્તામાં સસ્તી દવા છે

અમરેલી, તા. ૨

જાન્યુઆરી ઈ.સ ૧૯૯૮માં ડા.મદન કટારીયા દ્વારા મુંબઈમાં વિ હાસ્ય દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. હાસ્ય એક યોગની જેમ વ્યકિતને ઊર્જાવાન બનાવવાની સાથે સમાજમાં શાંતિ, ભાઈચારો અને સદભાવના વધે એ સાથે તેવા ઉદ્દેશ્ય સાથે સમગ્ર વિમાં ખુશ હાલી ફેલાવવા માટે દર વર્ષે મેના પહેલા રવિવારે આ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે વિ હાસ્ય દિવસ ૩ મે, ૨૦૨૬ના રોજ મનાવવામાં આવશે. ડો. મદન કટારીયા પોતાના એક અનુભવમાં જણાવે છે કે હાસ્ય અસરકારક દવા છે. હકીકતમાં હાસ્ય અને સ્વાસ્થ સાથે જોડાયેલી એક વાત કઢં, આંધ્રપ્રદેશમાં વિમોહન નામના એક વ્યકિત હતા. તે હાસ્ય યોગથી જોડાયા પહેલાં તેમને લગભગ દરેક પ્રકારની બીમારી હતી, અને તે હસનાર વ્યકિતઓથી ખૂબ જ ચીડાતા હતા. એક વખત મારા લાફટર ક્લબના મેમ્બરે તેમને અમારા ક્લબમાં બોલાવ્યા તો તે શરૂઆતમાં તો મન વિના આવતા હતા, પરંતુ ક્લબમાં આવ્યાં બાદ છેલ્લાં ૨૦ વર્ષમાં જે બદલાવ ન આવ્યો તે બદલાવ છ મહિનામાં જ દેખાવા લાગ્યો. તેમની હેલ્થ વધુ સારી થતી ગઈ. તે રોજ ઘણી દવાઓ લેતા હતા. પરંતુ છેલ્લા છ મહિના બાદ તેમની દવાઓની સંખ્યામાં ઘટાડો થતો ગયો. હસવું એ એક ઉપચારનું સૌથી સુખદ સ્વરૂપ છે. તેમાં ફકત તમારા આત્માને જ નહીં પણ તમારા શરીરને પણ સાજા કરવાની શકિત છે. તે આખા શરીરને આરામ આપવાની સાથે શારીરિક તાણને દૂર કરે છે અને રોગપ્રતિકારક શકિતને વેગ આપે છે. તે પીડા, તાણ



અને સંઘર્ષ માટેના મારણનું કામ કરે છે. તમે કદાચ આ વાક્ય સાંભળ્યું હશે, 'હાસ્ય એ શ્રેષ્ઠ દવા છે.' જયારે પણ તક મળે ત્યારે હસો, જયારે લોકો તમને રમૂજી દેખાવ આપે ત્યારે પણ હસવાનું બંધ ન કરો. હાસ્ય એ વૈકિ ભાષા છે. તે આશાને પ્રેરણા આપે છે, તમને અન્યથી જોડે છે. એ ગુસ્સો મુકત કરવામાં અને વહેલા માફ કરવામાં મદદ કરે છે. ફકત એક સરળ સ્મિત અથવા સહેજ હરકતો એ આસપાસના વાતાવરણ અને મૂડને સંપૂર્ણપણે બદલી શકે છે. હાસ્યમાં રૂઝ આવવા અને નવીનીકરણ કરવાની શકિત છે. એક અંદાજ મુજબ દિવસમાં ૧૫ મિનીટ હસવાથી ૯૨% બીમારીઓથી રાહત મળે છે. હકીકતમાં હાસ્ય અને સ્વાસ્થ સાથે જોડાયેલ પ્રક્રિયા છે. જે વ્યકિત જીવનમાં હાસ્યનું મહત્વ સમજીને તેને યોગ, પ્રાણાયામની માફક જો હાસ્ય થેરાપીને જો પોતાના જીવનમાં ઉતરશે તો ઘણા ખરા રોગોથી બચી શકાય છે. વર્તમાન સમયમાં તો કોરોનાનાં કારણે ચારેય દિશાઓમાં ફેલાયેલ નકારાત્મકતા અને ડરને દુર કરવા માટે આ થેરાપી માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે મદદરૂપ નીવડી શકે છે.

હસતે હસતે, કટ જાયે રસ્તે...
ઝીંદગી યું હી ચલતી રહે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## અધિક વિકાસ કમિશનરના કામ ચલાઉ હુકમથી

# લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે પુનઃ જીવનભાઈ વોરાએ ચાર્જ સંભાળ્યો

### ડીડીઓએ પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૭ (3)એ હોદ્દા પરથી દૂર કરેલ

અમરેલી, તા. ૨

લીલીયા ગ્રામ પંચાયતમાં જીવનભાઈ વોરાને ફરી સરપંચ પદ પર પ્રસ્થાપિત કરવાનો હુકમ અધિક વિકાસ કમિશનર ગુજરાત રાજય ગાંધીનગર તરફથી મળતા આજે બપોરના ૧૨ કલાકે ગ્રામ પંચાયત સરપંચ તરીકેનો ચાર્જ જીવનભાઈ વોરાએ સંભાળતા ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયાએ મો મીઠું કરાવી આવકાર્યા હતા અત્રે ઉલ્લેખનીય છે અધિક વિકાસ કમિશનર ગાંધીનગર દ્વારા કામ ચલાવ મનાય હુકમ તારીખ ૨૦/૩/૨૦૨૬ના રોજ કરી દેવામાં આવેલ પરંતુ સ્થાનિક



સ્વરાજયની ચૂંટણી જાહેર થતાં આચાર સંહિતાની અમલવારી શરૂ હોવાથી આજરોજ તારીખ ૨/૫/૨૦૨૬ હુકમ મળતા સરપંચ તરીકે જીવનભાઈ વોરા પ્રસ્થાપિત થયેલ તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.






## ચંદ્રેશભાઈ જેઠાણી અને અનિલભાઈ જેઠાણીનાં માતૃશ્રી અને

# રાજકોટના ''આજકાલ'' દૈનિકનાં મોભી ધનરાજભાઈ જેઠાણીનાં ધર્મપત્ની રંજનીબેનનુ નિધન થયું

### આજે સવારે ૯:૩૦ વાગ્યે તેમના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળશે

અમરેલી, તા. ૨

આજકાલના મોભી ધનરાજભાઈ જેઠાણીની અર્ધાંગિની તેમજ આજકાલના એમ.ડી. ચંદ્રેશભાઈ જેઠાણી અને મેનેજિંગ એડિટર અનિલભાઈ જેઠાણીની પૂજય માતુશ્રી રજનીબેન જેઠાણી (ઉ.વ. ૭૩)નું શનિવારે, ત. ૨ મે, ૨૦૨૬ના રોજ નિધન થયું છે. તેમણે આજે અંતિમ ાસ લીધા, અને પરમ શાંતિમાં લીન થઈ ગયાં. માતૃશકિતરૂપ રજનીબેનના નિધનથી જેઠાણી પરિવાર તેમજ આજકાલ પરિવાર પર શોકની ઘેરી છાયા છવાઈ ગઈ છે. તેમની અંતિમયાત્રા આવતીકાલે રવિવારે સવારે ૯-૩૦ વાગ્યે તેમના નિવાસસ્થાન, બંગલો નં-૨૫, શાંતિનિકેતન સોસાયટી ખાતેથી નીકળીને રૈયા મુકિતધામ જશે

માતૃત્વની મમતા, કઢણા અને ઉષ્માનું જીવંત પ્રતિબિંબ એવાં રજનીબેન તેમના માયાળુ, નિર્મળ અને સહજ સ્વભાવથી સમગ્ર સમાજમાં સ્નેહ અને આદરના દીપસ્તંભ સમાન બની રહ્યા હતાં. સ્વર્ગસ્થ રજનીબેનનો જન્મ ૧૨ ઓક્ટોબર, ૧૯૫૨ના શુભ દિવસે થયો હતો, અને વર્ષ ૧૯૭૩માં તેઓ ધનરાજભાઈ જેઠાણી સાથે પવિત્ર લગ્ન બંધનમાં બંધાયા હતા. તેમના ગૃહસ્થ જીવનમાં ચાર સંતાનો



પૂનમબેન, ચંદ્રેશભાઈ, અનિલભાઈ અને સુનિતાબેનનું સંતાન સુખ પ્રાપ્ત થયું હતું. રજનીબેનના પાવન સહયોગ અને શુભ સાથ સાથે ધનરાજભાઈની સફળતાની ગાથાનો આરંભ થયો હતો. ''રજની સાડી ફોલ'' નામે શરૂ કરાયેલો વ્યવસાય તેમના પરિશ્રમ, દઢતા અને સંકલ્પથી દેશ-વિદેશ સુધી ખ્યાતિ પામ્યો હતો. ત્યારબાદ તેમણે કન્સ્ટ્રક્શન ક્ષેત્રે ''રજની ડેવલોપર્સ પ્રા. લિ.''નીસ્થાપના કરી શહેરને અનેક સફળ અને સ્મરણિય પ્રોજેક્ટો અર્પણ કર્યા હતા.

એક પછી એક મળતી સફળતાઓ રજનીબેનના ગૃહપ્રવેશના પવિત્ર પગલાંની શુભતા દર્શાવતી હતી જેના પછી જેઠાણી પરિવારમાં સુખ-સમૃદ્ધિનો સુવર્ણ પ્રભાત ફૂટ્યું હતું.

સ્વ. રજનીબેનના વ્યકિતત્વમાં સરળતા અને સહજતા સાથે ધાર્મિકતા અને પરોપકારનો સુમેળ ઝળકતો હતો. તેઓ ભગવાન શિવ પ્રત્યે અડગ અને અખંડ શ્રદ્ધા ધરાવતા હતા; છેલ્લા પચાસ વર્ષથી દર સોમવારે અચૂકપણે શિવ મંદિરે જઈ પૂજન-અર્ચન કરતા અને દાન-પુણ્યના પવિત્ર સંસ્કારોને જીવનમાં સિંચતા રહ્યા હતા. તેમના આ ધાર્મિક અને સાત્વિક સ્વભાવથી સમગ્ર પરિવાર પણ સંસ્કાર અને આધ્યાત્મિકતાની સુગંધમાં ઓતપ્રોત રહ્યો હતો. આજે તેઓ પોતાના પુત્રો ચંદ્રેશભાઈ અને અનિલભાઈ, પુત્રીઓ પૂનમબેન અને સુનીતાબેન, જમાઈઓ વિજયકુમાર હરિશભાઈ સપરા અને સુધીરકુમાર જગદીશભાઈ ગુરનાણી, પૌત્રો સહજ અને સમર તથા પૌત્રીઓ જહાન, જન્નત અને દોહિત્રીઓ દિયા, રીત, હિયા અને ફિઝા સહિત સમગ્ર પરિવારને કલ્પાંતના કરૂણ વિરહમાં મૂકી અનંત યાત્રાએ વિદાય લીધા છે. તેમની વિદાયથી જેઠાણી પરિવાર શોકસાગરમાં ગરકાવ થયો છે, અને તેમની પવિત્ર સ્મૃતિઓ હંમેશા સેના હૃદયમાં અખંડ દીપ સમી પ્રજવલિત રહેશે.

## સોમનાથ યુનિવર્સિટી સંલગ્ન કોલેજ સુધીનો અભ્યાસક્રમ

# અમરેલી ખાતે સંપૂર્ણ સંસ્કૃત માધ્યમમાં ચાલતી એકમાત્ર જાહનવી પાઠશાળા

### બહારના છાત્રો માટે નિઃશુલ્ક આવાસ, ભોજનની પણ સુવિધા

અમરેલી, તા. ૨

અમરેલીમાં આવેલી જાહ્નવી સંસ્કૃત પાઠશાળાએ એકમાત્ર એવી પાઠશાળા છે જેમાં વિદ્યાર્થીઓને ધો. ૯થી કાલેજ સુધીનું શિક્ષણ સંસ્કૃત માધ્યમમાં આપવામાં આવે છે. સેથી પ્રાચીન સંસ્કૃત ભાષાને જાળવી રાખવામાં આ શાળાનું મહત્વપૂર્ણ યોગદાન છે.

હાલના સમયમાં એક તરફ અમુક લોકોમાં અંગ્રેજી પાછળની દોટ એટલી બધી વધી છે કે બાળકને નાનપણથી જ માતૃભાષામાં શિક્ષણ આપવાના બદલે અંગ્રેજી માધ્યમમાં મૂકી દે છે. માતૃભાષાની પણ આ દશા છે એ વચ્ચે સંસ્કૃત બોલનારા, જાણનારા લોકોની સંખ્યા પણ ખૂબ જ ઘટી રહી છે. સંસ્કૃત ભાષા બાળકો સુધી પહોંચે તે માટે અમરેલી એકમાત્ર જાહ્નવી સંસ્કૃત પાઠશાળા એ એવી શાળા છે જેમાં ધો. ૯થી કાલેજ શિક્ષણ સુધી સંસ્કૃત માધ્યમમાં શિક્ષણ નિઃશુલ્ક આપવામાં આવે છે. ધો. ૯થી તેમાં પ્રવેશ મેળવી શકાય છે અને અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ધો. ૧૧થી પ્રવેશ લઈ શકાય છે. હાલમાં શાળા દ્વારા નવા સત્ર માટે પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. બીજી તરફ બહાર ગામથી આવતા વિદ્યાર્થીઓ માટે અહીં નિઃશુલ્ક રીતે હાસ્ટેલ અને ભોજનનની પણ સુવિધા છે. અહીં સોમનાથ યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસક્રમો મુજબ કોલેજનું શિક્ષણ પણ આપવામાં આવે છે. જેમ કે કાલેજમાં બીએની ડીગ્રી હોય છે તે સંસ્કૃતમાં શાસ્ત્રીના અભ્યાસને સમકક્ષ છે. શાળામાં અભ્યાસ માટે સંપર્ક કરવા શાળાના આચાર્ય કપિલરાય જોશીએ જણાવ્યું છે.

## બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ, ભાવનગર.

**સરનામું :- રૂમ નં. - એસ/૮, બીજા માળે, બહુમાળીભવન, ભાવનગર.**
**(ગુજરાત કો-ઓપ. સોસાયટી એકટની કલમ - ૯૯(૪) મુજબ)**
**ડીસ્પ્યુટન્ટ (વાદી) :- ક્રિષ્ના શરાફી અને કન્ઝયુમર્સ સહકારી મં. લી., અમરેલી.**

### વિરૂધ્ધ

સામાવાળા (પ્રતિવાદી) :- નીચે મુજબની વિગતે

| ક્રમ | સમરી દાવા નંબર | પ્રતિવાદી નંબર | પ્રતિવાદીનું નામ | કયા દરજજે | દાવાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૮૧/૨૦૨૪ | ૧ | ભાયાભાઈ રામભાઈ ચાવડા | મુળ કરજદાર | ૫૮,૭૮૬/- |
| ૨ | ૮૨/૨૦૨૪ | ૧ | ભાર્ગવભાઈ યોગેશભાઈ કારીયા | મુળ કરજદાર | ૧,૬૨,૪૭૬/- |
| ૩ | | ૨ | રીધ્ધી ભાર્ગવ કારીયા | જામીન દરજજે | |
| ૪ | ૮૪/૨૦૨૪ | ૧ | જયેશ કાંતીભાઈ પોરીયા | મુળ કરજદાર | ૩,૮૭,૦૬૩/- |
| ૫ | ૧૭૦/૨૦૨૫ | ૨ | રાહુલભાઈ ઓઘડભાઈ પડસારીયા | જામીન દરજજે | ૧,૯૨,૯૩૯/- |
| ૬ | ૧૭૧/૨૦૨૫ | ૧ | હરેશભાઈ ખીડાભાઈ ધારાવાડિયા | મુળ કરજદાર | ૧,૩૩,૭૧૮/- |
| ૭ | ૧૭૨/૨૦૨૫ | ૨ | ચેતનગીરી મનુગીરી ગોસાઈ | જામીન દરજજે | ૯૮,૩૪૫/- |
| ૮ | ૧૭૩/૨૦૨૫ | ૧ | અનિલભાઈ કેશવભાઈ ગોહિલ | મુળ કરજદાર | ૯૧,૪૬૧/- |
| ૯ | | ૩ | પ્રવિણભાઈ રવજીભાઈ ગોહિલ | જામીન દરજજે | |
| ૧૦ | ૧૭૪/૨૦૨૫ | ૧ | લાલજીભાઈ ખોડાભાઈ મકવાણા | મુળ કરજદાર | ૯૦,૮૩૧/- |
| ૧૧ | | ૨ | રમેશભાઈ અરજણભાઈ ડુંગરીયા | જામીન દરજજે | |
| ૧૨ | | ૩ | લાલજીભાઈ વશરામભાઈ ત્રાડ | જામીન દરજજે | |
| ૧૩ | ૩૪/૨૦૨૬ | ૧ | દિપકભાઈ જેરામભાઈ સોલંકી | મુળ કરજદાર | ૧,૭૪,૬૮૯ |
| ૧૪ | ૩૫/૨૦૨૬ | ૧ | વિપુલભાઈ લાભુભાઈ જોબનપુત્રા | મુળ કરજદાર | ૨,૬૦,૭૧૮ |

ઉપરોકત વાદીએ આ કોર્ટમાં દાવો દાખલ કરતા ઉપર જણાવેલ જે તે દાવાના જે તે પ્રતિવાદીને ટપાલથી સમન્સ બજાવવાની કોશીષ કર્યા છતાં સામાવાળાને સમન્સ બજતા નથી કે અન્ય આધાર પોસ્ટ તરફથી મળેલ નથી. આથી આ જાહેર સમન્સથી તેઓને જણાવવામાં આવે છે કે, તમારા ઉપર ડીસ્પ્યુટન્ટે (વાદીએ) ધી ગુજરાત કો - ઓપરેટીવ સોસાયટી એકટની કલમ - ૯૯(૪) હેઠળ દાવા નંબરની સામે જણાવ્યા મુજબની રકમ વ્યાજ સહિત વસુલ લેવા માટે દાવો માંડયો છે. આ ઉપરથી તમોને ફરમાવવામાં આવે છે કે, સદરહું જાહેર સમન્સ પ્રસિધ્ધ થયાની તારીખથી દસ (૧૦) દિવસની અંદર તમો જો બચાવ કરવા માંગતા હો તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજો પુરાવા ઉપર તમો આધાર રાખતા હોય તેની નકલ ડીસ્પ્યુટન્ટ (વાદી)ને આપી ઉપરોકત સરનામે હાજર થવું અને બચાવ કરવાની પરવાનગી મેળવવી.

જો તમો તેમ કરવામાં કસુર કરશો તો દિવસ ૧૦ ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે ડીસ્પ્યુટન્ટ (વાદી) લેખીત રકમ, વ્યાજ અને ખર્ચ સહીતનો એવોર્ડ મેળવવા હકકદાર થશે. તેની નોંધ લેશો.

આજરોજ મારી સહી કરી અને કોર્ટનું સીલ મારી આપેલ છે.

તૈયાર કરનાર
(એન. બી. મોરી)
જુનિયર કલાર્ક
તા. ૦૨/૦૫/૨૦૨૬
સ્થળ : ભાવનગર

બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ ભાવનગર

હુકમથી
(ડી. એન. રંગાણી)
કલાર્ક ઓફ ધી કોર્ટ
બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ
ભાવનગર

